અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 301, Dt.30-09-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

''જે નિરાશ ને ક્યારેય જોતાં નથી તે આશા પણ ક્યારેય ખોતા નથી, અને જે પ્રયત્ન પર જીવી જાણે છે તે કિસ્મત પર ક્યારેય રોતા નથી.''

દુનિયામાં ૫૩.૭ કરોડથી વધુ ડાયાબીટીસના દર્દીઓ, ૪૦ ટકા જેટલા દર્દીઓને સારવાર જ નથી મળતી

ગ્લોબલ વોર્મિંગથી ખેતી પાકોમાં ઘટતું પોષણ, બેઠાડુ જીવનશૈલીથી ડાયાબીટીસ વકર્યો : વિકાસશીલ દેશોમાં ડાયાબીટીસની સારવાર મોંઘી પડતી હોય ત્યાં સૌથી ખરાબ હાલતઃ ભારતમાં સૌથી વધુ ડાયાબીટીસના રોગીઓ

વોશિંગ્ટન તા.૩૦ : અત્યારે ભારત સહિત દુનિયાભરમાં ડાયાબીટીસનો રોગ ઝડપથી ફેલાઈ રહ્યો છે, હાલ દુનિયાભરમાં ડાયાબીટીસના ૫૩.૭ કરોડથી વધુ દર્દીઓ છે. તેમાંય ભારત ડાયાબીટીસની રાજધાની કહેવાય છે. કારણ કે અહીં ડાયાબીટીસના સૌથી વધુ રોગીઓ છે. ડાયાબીટીસનો હજુ નક્કર ઈલાજ નથી શોધાયો, અલબત કે કન્ટ્રોલેબલ છે પરંતુ આ સાથે એવું પણ ચોંકાવનારું સત્ય બહાર આવ્યું છે કે દુનિયાભરમાં ૪૦ ટકા ડાયાબીટીસના દર્દીઓને સારવાર નથી મળી રહી.

વિકાસશીલ દેશોમાં ઉપચારના ઓછા અને મોંઘા સાધનોના કારણે ડાયાબીટીસના દર્દીઓની અહીં ખરાબ હાલત છે. ૨૦૨૩ ડાયાબીટીસ ગ્લોબલ ઈન્ડસ્ટ્રી ઓવરવીવ નામના સર્વેમાં આ તથ્યો બહાર આવ્યા છે. સર્વે અનુસાર નિમ્ન અને મધ્યમ આવકવાળા દેશોમાં રહેતા ચારમાંથી ત્રણ ડાયાબીટીસના દર્દીઓને ઉપચાર નથી મળી શકતો. તેનું કારણ સ્વાસ્થ્ય સેવાઓ સુધી તેની પહોંચ ન હોવાનું છે.મુખ્ય સંશોધક આશા કારોગોડસ્કીએ કહ્યું હતું કે દુનિયામાં ૫૩૦ કંપનીઓ ડાયાબીટીસના ઈલાજમાં વિશેષજ્ઞતા રાખે છે, પરંતુ માત્ર ૩૩ કંપનીઓ આફ્રિકા, દક્ષિણ-પુર્વ એશિયા અને પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં છે.

વૈશ્વિક સ્તરે અસમાનતા વધુઃ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગરીબ દેશોમાં ઈન્સ્યુલીનની કિંમત ત્યાંના લોકોની લગભગ એક મહિનાની આવકને બરાબર છે. આફ્રિકાના મુખ્ય કાર્યકારી કેરોલીન એમબીડ્યોએ કહ્યું હતું આફ્રિકાના અડધા લોકોની જરૂરી સ્વાસ્થ્ય સુવિધા સુધી પહોંચ પણ નથી. જલવાયુ પરિવર્તન જવાબદાર. રિપોર્ટ અનુસાર દુનિયાભરમાં ડાયાબીટીસના વધતા કેસો માટે જલવાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મીંગ) સંકટ જવાબદાર છે. વધારે ગરમીના કારણે ખેતી પાકમાં પોષણ ઘટી રહ્યું છે. પારંપરિક ખેતી પાકો ખતમ થઈ રહ્યા છે.

શહેરીકરણથી જીવનશૈલી બદલવાથી ટાઈપ-૨ ડાયાબીટીસ, હાઈબીપી અને કેન્સરનો ખતરો વધી ગયો છે. ભારતમાં સૌથી વધુ ડાયાબીટીસના દર્દીઓ છે. અહીં આ વર્ષે ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા ૧૦.૧ કરોડ થઈ ગઈ છે. તેમાં લગભગ ૩.૬ કરોડ લોકોને ખબર જ નથી કે તેમને ડાયાબીટીસ છે, જેથી તેમની સારવાર નથી થઈ શકતી. ડાયાબીટીસના લક્ષણઃ વારંવાર પેશાબ કરવા જવું, નીંદ પુરી થયા પછી પણ થાક લાગવો. વારંવાર ભૂખ લાગવી, વજન ઘટવું, આંખમાં ઝાંખુ દેખાવવું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાંઃ કરોડોના કામના ખાતમુર્હત કરાયા

લોકો માગે એ પહેલાં કામ કરવાની પરંપરા અમારી છેઃ શાહ

અમદાવાદ,તા.૩૦ઃ અમદાવાદમાં ગાંધીનગરનાં સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હસ્તે ત્રાગડ ગામમાં ખાતે નવનિર્મિત તળાવ અને લલિતા ગોવિંદ ઉદ્યાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અમદાવાદના ધારાસભ્યો, સાંસદો, ભાજપ અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીની હાજરીમાં અમિત શાહ દ્વારા ઓડાનાં ૧૭૦૦ કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમિત શાહ હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓ તેમના ઘરની કી આપવામાં આવી હતી. આ સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જાહેરસભાને સંબોધી હતી. લોકસભાને સંબોધન કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે ૧૫૦૦ કરોડથી વધારાનાં કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે,

જેની માગણી પણ જનતાએ નથી કરી છતાં લોકો માગે એ પહેલાં કામ કરવાની પરંપરા અમારી છે. છેલ્લા ૫૨ મહિનામાં ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં ૧૭ હજાર કરોડથી વધુના ૧૧ હજાર કામ થયાં છે. **AMC** અને ઔડાની ૨૧ યોજનાની ખાતમુહૂર્ત અને ૧૮નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. અહીં **G-** ૨૦નું પણ આયોજન કરાયું હતું. નરેન્દ્રભાઈના કાળમાં ચંદ્ર પર તિરંગો લહેરાયો છે. જી-૨૦નું આયોજન જે ભારતે કર્યું એ આવનારાં ૨૫ વર્ષ માટે અન્ય દેશો માટે શીખવા જેવું છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે વિષમતા હોય ત્યારે રોજના ડેકલેરેશન પાસ કરાવવા મોટું કામ છે. નરેન્દ્ર મોદીએ મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં ૩૩% રિઝર્વેશન અપાવ્યું છે. નીતિ નિર્માણ માટે મહિલાઓનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. નવી સંસદમાં કોઈ વિઘ્ન ન આવે એટલે ગણેશચોથે એનું ઉદઘાટન કરાયું હતું. એમાં પહેલું બિલ નારીશક્તિ માટે મહિલા આરક્ષણનું લવાયું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ૫૦ વર્ષમાં એક કામ થાય એવાં ચાર કામ વડાપ્રધાન મોદીએ ૩ મહિનામાં કર્યા છે. વિશ્વમાં ભારતને ઊંચું સ્થાન અપાવવા સરકાર કટિબદ્ધ છે. વિશ્વકર્મા સમાજ માટેની યોજના જણાવતાં અમિત શાહે જણાવ્યું હતું કે લુહાર, સુથાર, મોચી, સોની વગેરેને મશીનો માટે ૩ લાખ સુધીની સહાય આપી છે. લોકોને પર્યાવરણની જાળવણી માટે અનુરોધ કરતાં તેમણે જણાવ્યું હતું કે લોકો પોતાના ઘરની આસપાસ ત્રણ વૃક્ષ વાવે. **AMC**, સરકાર, ઔડા અને ગુડાએ ગાંધીનગર લોકસભામાં વૃક્ષ બે ટકાથી વધારી રહ્યાં છે, જેને આગામી ચૂંટણી સુધી ૫ ટકા કરવાનું લક્ષ્ય છે.

માત્ર પાંચ વર્ષની રિકરીંગ ડીપોઝીટમાં વ્યાજદરમાં વધારો

અન્ય બચત યોજનામાં વ્યાજદરો યથાવત

નવી દિલ્હી,તા.૩૦ સરકારે ડિસેમ્બર ત્રિમાસીક માટે પાંચ વર્ષની રિકરીંગ જમા યોજના પર વ્યાજદર ૬.૫ ટકાથી વધારીને ૬.૭ ટકા કરી દીધો છે. જોકે પીપીએફ સહિત અન્ય બધી નાની બચત યોજનાઓ માટે વ્યાજદરોમાં કોઈ ફેરફાર નથી કરાયો.

સરકાર દર ત્રિમાસીકમાં પોસ્ટ ઓફીસમાં સંચાલીત નાની બચત યોજના પર વ્યાજદર સુચિત કરે છે.નાણા મંત્રાલયનાં અનુસાર બચત જેના પર ચાર ટકા અને એક વર્ષની ફિકસ જમા પર ૬.૯ ટકા વ્યાજ અગાઉથી જેમ મળતુ રહેશે.બે વર્ષ અને ત્રણ વર્ષની ફિકસ જમા (ડીપોઝીટ) પર વ્યાજ ૭ ટકા છે જયારે પાંચ વર્ષની ફિકસ ડીપોઝીટ પર ૭.૫ ટકા વ્યાજદર છે.

વરિષ્ઠ નાગરીક બચત યોજના પર ૮.૨ ટકા વ્યાજ મળતુ રહેશે. માસીક આવક ખાતા યોજના પર વ્યાજ ૭.૪ ટકા છે.જયારે રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર પર વ્યાજદર ૭.૭ ટકા જાહેર ભવિષ્ય નિધિ (પીપીએફ) પર ૭.૧ ટકા વ્યાજદર છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

શ્રમયોગ - સંગઠન- સમૃદ્ધિ
કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી
ગુજરાત સરકાર

સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા કી ઓર
Swachhata Hi Seva
15 September - 2 October 2023
Garbage Free India

ચાલો સૌ સાથે મળી
૧ ઑક્ટોબરે સવારે ૧૦ વાગે કરીએ
સ્વચ્છતા માટે ૧ કલાક શ્રમદાન

તમારા ગામ/શહેરની આસપાસની જગ્યામાં શ્રમદાનમાં જોડાવા માટે QR કોડ સ્કેન કરો અથવા swachhatahiseva.com વેબસાઈટ વિઝિટ કરો

સ્વચ્છ ભારત મિશન - ગુજરાત

મહાનગરપાલિકા દ્વારા અમૃત કળશ યાત્રા સમાપન સમારોહ નિમિતે ભવ્ય લોકડાયરાનું આયોજન

લોકડાયરામાં કલાકારો રાજભા ગઢવી અને સુખદેવભાઈ ધામેલિયા દેશભક્તિ ગીતોની રમઝટ બોલાવશે શહેરીજનોને ઉમટી પડવા અપીલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૩૦

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુંબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા તમામ વીર અને વિરાંગનાઓને શ્રધ્ધાંજલી આપવા માટેના કાર્યક્રમ મેરી માટી મેરા દેશ અંતર્ગત તા:૨૯/૦૯ અને તા:૩૦-૯નાં રોજ વોર્ડ નંબર ૧ થી ૧૮ માં મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ અમૃત કળશ યાત્રાના સમાપન સમારોહ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ તા:૦૧/૧૦ રવિવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે વોર્ડ નંબર ૧૪ માં આવેલ પવનપુત્ર ચોક, સોરઠીયા વાડી સર્કલ પાસે, રાજકોટ ખાતે એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. આ લોકડાયરા-માં સુપ્રસિધ્ધ લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલિયા શહેરીજનોને દેશભક્તિનાં ગીતો અને દેશભક્તિ વાતો રજુ કરી શહેરીજનોને દેશભક્તિનાં રંગથી રંગાવશે.

આ અમૃત કળશ યાત્રા સમાપન સમારોહ નિમિતે યોજાનાર લોકડાયરામાં ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાસંદ સભ્ય મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારા-સભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો. માધવ દવે, રાજકોટ મહાનગરપાલિકાનાં કોર્પોરેટરઓ વગેરે ઉપસ્થિત રહેનાર છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં પદાધિકારીઓએ અમૃત કળશ યાત્રા સમાપન સમારોહ નિમિતે યોજાનાર આ ભવ્ય લોકડાયરામાં શહેરીજનોએ દેશભક્તિનાં ગીતો અને દેશભક્તિ વાતોથી દેશભક્તિનાં રંગથી રંગાવવા ઉમટી પડવા ખાસ અપીલ અને અનુરોધ કરવામાં આવે છે.

ખેડૂતો પાસેથી મગફળી,સોયાબીન,અડદ અને મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારનો નિર્ણય આવકારદાયક: જયેશભાઈ બોઘરા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૩૦

ગાંધીનગર ખાતે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મગફળી,સોયાબીન,અડદ અને મગ જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાના આયોજન અંગેની બેઠકમાં કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ઉપજોના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકોના ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. યોજના હેઠળ ગુજરાતમાં મગફળી,સોયાબીન,અડદ અને મગ જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે આગામી તા. ૨૧ મી ઓક્ટોમ્બર ને શનિવારથી ખરીદી શરુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં મગફળી માટે ૧૬૦, મગ માટે ૭૩, અડદ માટે ૧૦૫, અને સોયાબીન માટે ૯૭ ખરીદી કેન્દ્રો ખોલવાનું નક્કી કરવામાં આવેલ છે. ચાલુ સિઝનમાં ખેડૂતો પાસેથી રૂ.૬૩૬૪.૨૪ કરોડ મૂલ્યની ૯.૯૮ લાખ મેટ્રિક ટન મગફળી અને રૂ.૪૨૦ કરોડ મૂલ્યના ૯૧.૩૪૩ મેટ્રિક ટન સોયાબીનની ખરીદી કરવાનું આયોજન છે.

રાજ્યના તમામ જીલ્લાના ખેડૂતોએ તા. ૨૫ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર દરમિયાન ઈ- ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઈ મારફત ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરવાની રહેશે. ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખરીફ પાકોનું વાવેતર થાય તે માટે અગાઉથી જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૬૩૭૭/- પ્રતિ ક્વિન્ટલ, મગનો ટેકાનો ભાવ રૂ.૮૫૫૮/- પ્રતિ ક્વિન્ટલ, અડદનો રૂ.૬૯૫૦/- પ્રતિ ક્વિન્ટલ અને સોયાબીનનો રૂ.૪૬૦૦/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે.તેમ જણાવ્યું છે.

૧ ઓક્ટોબર,રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૩૦

દર વર્ષે ૧ ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રીય સ્વેચ્છિક રક્તદાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રક્તદાન અંગે જાગૃત કરવાનો છે. લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ-દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્તદાન કેટલું જરૂરી છે.

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગનાં લોકો જેમણે રક્તદાન નથી કર્યું હોતું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી હોતું. તેનો અર્થ એ છે કે સમાજમાં હજુ પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી-જુદી બ્લડ બેન્ક દ્વારા કોલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રક્તદાન

દેશમાં દર વર્ષે જરૂરિયાત કરતા ૨૦% ઓછું લોહી મળે છે

માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બેન્કમાં જઈને રક્તદાન કરાતું હોય છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.રક્ત આપો, જીવન બચાવો. રક્તદાન, મહાદાન.

મિત્તલ ખેતાણી(૯૮૨૪૨ ૨૧૯૯૯)

ઓનલાઈન ગેમિંગ હવે મોંઘુ, ૧ ઓક્ટોબરથી ૨૮ ટકા GST લાગુ

તમામ રાજ્યોએ જીએસટી કાયદામાં સુધારો કરવો પડશે :CBIC

(એજન્સી સમાચાર)
નવીદિલ્હી,તા.૩૦

ઓનલાઈન ગેમિંગ હવે ભારત-માં મોંઘુ થઈ જશે, કારણ કે ૧ ઓક્ટોબરથી ઓનલાઈન ગેમિંગ પર ૨૮% ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગવાનું શરૂ થઈ જશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના અધ્યક્ષ સંજય અગ્રવાલે કહ્યું છે કે આ માટેની પ્રક્રિયાના ભાગરૂપે ગેમિંગ કંપનીઓને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. અગ્રવાલે કહ્યું છે કે તમામ રાજ્યોની વિધાનસભાઓએ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં GST સુધારા બિલ ૨૦૨૩ પસાર કરવાની જરૂર છે અથવા વટહુકમ લાવીને તેને ૧ ઓક્ટોબરથી લાગુ કરવાની જરૂર છે. જુલાઈમાં GST કાઉન્સિલે ઓનલાઈન ગેમિંગ, હોર્સ રેસિંગ અને કેસિનો પર ૨૮% GST લાદવાની જાહેરાત કરી હતી. ૨ ઓગસ્ટના રોજ ૫૧મી બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવ્યો હતો કે આના પર જીએસટીના દરો વધારવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન સંજય અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે તમામ રાજ્યોની સંમતિથી ૧ ઓક્ટોબરથી ઓનલાઈન ગેમિંગ પર ૨૮ ટકા GST દર લાગુ કરવા માટે તૈયાર છીએ. ઓનલાઈન ગેમિંગ પર જીએસટી રેટ અંગેનો કાયદો રાજ્યની એસેમ્બલીઓએ પસાર કરવો પડશે. ''કેટલીક ઓનલાઈન ગેમિંગ કંપનીઓને કારણ બતાવો નોટિસ એ કાનૂની પ્રક્રિયા છે.'' લોકસભાએ બે GST કાયદાઓમાં અવાજ મત દ્વારા સુધારા પસાર

કર્યાના લગભગ બે મહિના પછી આ જાહેરાત કરવામાં આવી છે. આ સુધારાઓ કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઈન ગેમિંગના પુરવઠા પર કરવેરા અંગે સ્પષ્ટતા પૂરી પાડવા માટે CGST અધિનિયમ, ૨૦૧૭ની ત્રીજી અનુસૂચિમાં જોગવાઈઓના સમાવેશ સાથે સંબંધિત છે. બીજી બાજુ, IGST એક્ટમાં સુધારો ઓફશોર એન્ટિટી દ્વારા પૂરી પાડવામાં આવેલ ઓનલાઈન મની ગેમિંગ પર GST જવાબદારી લાદવાની જોગવાઈ દાખલ કરવા સંબંધિત છે. પૂછવામાં આવ્યું કે શું પગલામાં વિલંબ થઈ શકે છે કારણ કે તમામ રાજ્યોએ જરૂરી સુધારાઓ પસાર કર્યા નથી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) ના ચેરમેન સંજય કુમાર અગ્રવાલે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. ઓનલાઈન ગેમિંગ કંપનીઓને તાજેતરમાં મોકલવામાં આવેલી કારણ બતાવો નોટિસ અંગે તેમણે કહ્યું કે આ કાયદાકીય જોગવાઈઓ અનુસાર મોકલવામાં આવી રહી છે. તેમણે ટેક્સની રકમ પર કોઈ નંબર આપવાનો ઇનકાર કર્યો હતો જેના માટે કંપનીઓને નોટિસ મોકલવામાં આવી શકે છે, જે કેટલાક અંદાજો અનુસાર આશરે રૂ. ૧ લાખ કરોડ છે. ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ માટે GSTની જોગવાઈઓમાં સૂચિત ફેરફારો માટે તમામ રાજ્યોએ હજુ પણ તેમની સંબંધિત વિધાનસભાઓમાં જરૂરી કાયદાકીય સુધારા અથવા વટહુકમ પસાર કરવાના બાકી છે. અગ્રવાલે કહ્યું કે ફેરફારોને અસરકારક બનાવવા માટે તમામ રાજ્યોએ આ કરવું જરૂરી છે. તેમણે કહ્યું કે, અમે ૧ ઓક્ટોબરથી તેને લાગુ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. GST કાઉન્સિલની છેલ્લી બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, સંબંધિત સૂચનાઓ પ્રક્રિયા હેઠળ છે. તમામ રાજ્યો માટે કાયદો પસાર કરવો અથવા વટહુકમ લાવવો તે (જરૂરી) છે. ''દરેક રાજ્યને મંજૂરી આપવાની જરૂર છે કારણ કે તમામ રાજ્ય કાયદાઓને જરૂરી જોગવાઈઓ લાવવાની જરૂર પડશે, જે (રાજ્યો) બાકી છે તેઓએ પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.''

મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં થયેલા ફેરફારની નોંધ લેવા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીનો અનુરોધ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

ભારતીય ચૂંટણી પંચની તા.૧.૧.૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદીના ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં ફેરફાર થયો છે, જે મુજબ હવે સંકલિત મતદાર યાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ ૨૭ ઓકટોબર-૨૦૨૩ના રોજ કરવામાં આવશે., આ અંગેના હકક દાવા અને વાંધા અરજીઓ ૨૭ ઓકટોબરથી ૯ ડીસેમ્બર-૨૦૨૩ સુધી કરી શકાશે, મતદારયાદી અંગેની ખાસ ઝુંબેશ તા. ૪ અને ૫ નવેમ્બરે તથા ૨ અને ૩ ડીસેમ્બર-૨૦૨૩ના રોજ યોજાશે, જે અંગેના હકક દાવા અને વાંધા અરજીઓનો નિકાલ ૨૬ ડીસેમ્બર-૨૦૨૩ સુધીમાં કરવામાં આવશે. તથા આ અદ્યતન મતદાર યાદીના હેલ્થ પેરામીટર્સની ચકાસણી કરી આખરી પ્રસિધ્ધિ માટે ચૂંટણી પંચની પરવાનગી મેળવવાની, ઉંટા બેઝ અદ્યતન કરવાની અને પુરવણી યાદીઓ છપાવવાની કામગીરી તા.૧.૧.૨૪ સુધીમાં કરવામાં આવશે, તથા મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ તા.૫.૧.૨૪ના રોજ કરવામાં આવશે, તેમ રાજકોટના અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એસ. જે. ખાચર ની યાદીમાં જણાવાયુ છે.

હૃદય અંગે જનજાગૃતિ લાવવા માટે 'વર્લ્ડ હાર્ટ ડે' નિમિતે

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને આર. કે. યુર્નિવર્સિટી દ્વારા હૃદય (હાર્ટ) જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૩૦

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વડનગર, મહેસાણા, ભુજ, વિસનગર, શિહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખ (ચેરમેન- ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન)ના માર્ગદર્શન હેઠળ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થયના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. જેમા ગરીબ દર્દીઓને મદદ કરવાથી માંડીને હોસ્પીટલમાં દર્દીઓનું ડાયાલીસીસ કરતાં ટેકનીશ્યનો માટે પણ શિબીરો દ્વારા દર્દીઓને ડાયાલીસીસ સમયે દર્દીઓને કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે વગેરે બાબતો અંગેના સેમીનારો યોજવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા જીવનદાન કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાત મંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ કરવાનું ઉમદા કામ કરી રહી છે જેના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓગષ્ટ ૨૦૧૮ થી ડાયાલીસીસ સેન્ટર સંચાલીત છે. જેમાં જર્મન કંપનીના હિમોડાયાલીસીસ મશીન છે. જેમાં ૩૫ જેટલા દર્દીઓ સારવાર લેવા માટે આવી રહયાં છે. અને મહીનાના ૩૦૦ થી ૪૦૦ ડાયાલીસીસ થાય છે. આ ડાયાલીસીસ સેન્ટર શ્રી કિષ્ના સાર્વજનીક હોસ્પીટલ હિંમતનગર ખાતે સંચાલીત છે.

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને આર.કે. યુર્નિવર્સિટીના સંયુકત ઉપક્રમે 'વર્લ્ડ હાર્ટ ડે' ની ઉજવણીના ભાગરૂપે આર.કે. યુર્નિવર્સિટીના દરેક વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મેમ્બરો, શિક્ષકોને હાર્ટ (હૃદય) અંગેની જાગૃતિ માટે માહિતગાર કર્યા હતા, જેમાં હાર્ટ દર્દીઓને પડતી મુશ્કેલી, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને પડતી મુશ્કેલી તથા હાર્ટના અન્ય રોગોથી બચવા માટે તેમજ ઈ.સી.જી. વિશે નામાંકિત તબીબ ડો.તુષાર ભટ્ટી (કાર્ડીયોલોજીસ્ટ) દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન અપાયું હતું.

આ કાર્યક્રમમાં આર.કે. યુર્નિવર્સિટીના ડો. દિમી નાયર (ડાયરેકટર આયુર્વેદ કોલેજ-હોસ્પીટલ), ડો. કેતન ભીમાણી (એસ.ઓ.એ.સી., કો-ઓર્ડીનેટર) તથા ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં એડવાઈઝર મિતલ ખેતાણી ઉપસ્થિત રહયાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલે જહેમત ઉઠાવી હતી. 'કિડની જાગૃતિ' અંગેની વિશેષ માહિતી માટે અશ્વીન ગોહેલ ૭૯૮૪૮ ૨૯૬૨૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડતા

છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં આઠ આવાસ સીલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવેલ છે. જે અન્વયે છત્રપતિ શિવાજી ટાઉનશીપ - પોપટપરા, રોણકી ગામના પાટીપા પાસે, લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ - પોપટપરા, મારૂતિના સર્વિસ સ્ટેશન પાછળ, ચંદ્ર શેખર આઝાદ ટાઉનશીપ - પોપટપરા, પેટ્રોલ પંપ પાસે મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડેલ હોય નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે તા.૨૯/૦૯ના રોજ કુલ ૦૮ (આઠ) આવાસો આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે.

તંત્રી લેખ

આજના બાળકો બુદ્ધિશાળી નહીં, વધુ સ્માર્ટ છે..

નવી પેઢીના બાળકો વધુ બુદ્ધિશાળી છે? ના. તેઓ વધુ સ્માર્ટ છે, વધુ બુદ્ધિશાળી નહીં. સ્માર્ટનેસ અને બુદ્ધિશાળીમાં ફરક છે. સ્માર્ટનેસ બિહેવરિયલ ચેન્જ છે. નવી પેઢીનાં બાળકોને જબરદસ્ત એક્સપોઝર મળે છે. તેઓ ટીવી જુએ છે. તેમને માટે ઈન્ટરનેટનો ખજાનો ઉપલબ્ધ છે. મોલ્સમાં જાય છે, મલ્ટીપ્લેક્સમાં જાય છે, માહિતીનો ઓવરડોઝ તેમને મળતો રહે છે. પણ કોઈ એમ કહે કે તેઓ વધુ બુદ્ધિશાળી, વધુ ડાહ્યાં, વધુ વ્યવહારૂ, વધુ સમજદાર અને વધુ હોશિયાર બને છે તો તે વાતમાં દમ નથી. આજે બે વર્ષનું બાળક સતત ટીવી જોઈને ઘણું શીખી જાય છે. ન શીખવાનું પણ ઘણું શીખે છે. તેમનું શબ્દભંડોળ ટીવીથી ઊભું થાય છે અને તેમને બોલતાં સાંભળીને આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. ઘરે જે કોઈ આવે તેની સામે બાળકને કહીએ છીએ, ડાન્સ કરી બતાવ અને બાળક ડાન્સ કરી બતાવે. વાલીઓ ખુશ થઈ જાય. જોયું, પણ આમાં બુદ્ધિ વચ્ચે નથી આવતી. નકલ કરતાં તો વાંદરા પણ શીખી જાય અને તેમના વોકલ કોર્ડ જો માણસ જેવાં હોત તો ગાતાં પણ શીખી જતા હોત. મૂળ તો અપત્યપ્રેમ અદ્ભુત ચીજ છે. પોતાનાં સંતાનો પ્રત્યે મા-બાપને આંધળો પ્રેમ હોય છે. એટલે જ બાળકની નાની બાબત પણ વાલીઓને મોટી લાગતી હોય છે. હકીકતમાં તો નવી પેઢી વધુ સંકુચિત બુદ્ધિની બની રહી છે. નવી પેઢીને ભાંડવાનો આ ઉપક્રમ નથી, પણ વિશ્વભરમાં જે સર્વેક્ષણો થયાં છે. તેનો નિચોડ છે. ભારતની સ્થિતિ હજી થોડી સારી છે, અમેરિકા અનેો યુરોપમાં તેના પરિણામો દેખાવા માંડ્યાં છે. સરેરાશ અમેરિકન કિશોરનું જનરલ નોલેજ એકદમ નબળું હોય છે. તેમને અમેરિકા સિવાયના વિશ્વની ખાસ ગતાગમ હોતી નથી. અમેરિકાની સ્પેલિંગ બી સ્પર્ધામાં ભારતીય વિદ્યાર્થીઓ જ ટોપ પર આવતા હોય છે. આપણે આ સ્થિતિ જોઈને હરખાઈ જઈએ તે સ્વાભાવિક છે, પણ હકીકતમાં તેમાં હરખાવા જેવું કશું જ નથી. જે સ્થિતિ પશ્ચિમના દેશોમાં છે તે અહીં પણ થવાની જ છે. બેઝિક નોલેજ ઘટતું જવાનું છે. એક સાદું ઉદાહરણ લઈએ : જે પેઢી અત્યારે ૪૦- ૫૦ વર્ષની છે તે જાતે રેડિયો રિપેર કરી લેતી હતી. ટ્યૂબલાઈટના ચોક બદલી લેતી હતી, મોપેડ કે સ્કૂટરના નાના-મોટા ફોલ્ટ જાતે જ રિપેર કરી લેતી હતી. તેમને રેડિયો કેમ ચાલે, ટ્યૂબલાઈટ કઈ રીતે કામ કરે, મોપેડના એન્જિનની કાર્યપ્રણાલી કેવી હોય તેની બેઝિક જાણકારી હતી. હવેની પેઢી આવું કરી શકતી નથી. બાઈકમાં પ્રોબ્લેમ છે? દોડો સર્વિસ સેન્ટર તરફ. મોબાઈલ બગડ્યો છે? ફેંકી દો, નવો લઈ લો. ટ્યૂબલાઈટ બંધ થઈ ગઈ છે? બોલાવો ઈલેક્ટ્રિશિયનને. પાયાનું જ્ઞાન તેમને મળ્યું નથી અથવા, ટેકનોલોજી એટલી એડવાન્સ્ડ થઈ ગઈ છે કે તેઓ તેની સાથે કદમ મિલાવી શકતા નથી. તેમને યુઝ એન્ડ થ્રોની નીતિ ફાવી ગઈ છે. તેમ ચર્ચાઈ રહ્યું છે

"દેશની અર્થવ્યવસ્થાને વિશ્વમાં ત્રીજા ક્રમે લઇ જવા 'મુદ્રા', 'પી.એમ. સ્વ નિધિ' સહિતની યોજના મહત્વપૂર્ણ પુરવાર થશે":ડો. ભાગવત કરાડ

સરકારી યોજનાને વધુમાં વધુ લોન આપવા નાણા રાજ્યમંત્રીની બેંકર્સને તાકીદ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૦

રાજકોટના ઢેબર રોડ સ્થિત મ્યુનિસિપલ કોર્પોરેશન સેન્ટ્રલ ઝોન કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી ડો. ભાગવત કરાડની ઉપસ્થિતિમાં પી. એમ. સ્વ નિધિ યોજનાની સમીક્ષા બેઠક યોજાઇ હતી, જેમાં સરકારી યોજનાને વધુમાં વધુ લોન આપવા બેંકના અધિકારીઓને કેન્દ્રીય મંત્રી ડો. ભાગવત કરાડે તાકીદ કરી હતી.

કેન્દ્રિય નાણા રાજ્ય મંત્રી ડો. ભાગવત કરાડે કહ્યું હતું કે,ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે અમલી બનાવાયેલી **PMSVANidhi (PM Street Vendors Atma Nirbhar Nidhi)** યોજનાનો હેતુ શેરી ફેરિયાઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. આ યોજનાનો લાભ રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના વધુને વધુ ફેરિયાઓ લે તે જરૂરી છે. દેશભરમાં શહેરી ફેરીયાઓને આર્થિક રીતે સશકત બનાવવા તથા વ્યાજના વિષચક્રમાંથી બચાવવા પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનામાં રૂ. ૧૦ હજાર, જે ભરાઈ ગયા પછી રૂ. ૨૦ હજાર, જે ભરાઈ ગયા પછી રૂ. ૫૦ હજારની લોન અપાય છે. આ માટે સાત ટકા લોનનું વ્યાજ સરકાર ભોગવે છે.

પી. એમ. સ્વ નિધિ યોજનાની રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થયેલી કામગીરીની સમીક્ષા કરતા કેન્દ્રીય મંત્રી

કેન્દ્રીય નાણામંત્રી (રાજ્ય કક્ષા) ડો. ભાગવત કરાડે વધુમાં કહ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાં દશમાં નંબર ઉપરથી પાંચમા નંબર ઉપર આવી ગઇ છે. પરંતુ વડાપ્રધાન હજુ તેને ત્રીજા નંબર ઉપર લઈ જવા પ્રયત્નશીલ છે.

કેન્દ્રીય નાણા રાજ્યમંત્રીએ કહ્યું હતું કે, ઇન્ટરનેશનલ મોનીટરીંગ કમિટીના અહેવાલ મુજબ ભારતના ઘણા નાગરિકો ગરીબી રેખામાંથી બહાર નીકળી શક્યા છે, જે મુદ્રા યોજના જેવી અનેક મહત્વપૂર્ણ યોજનાના કારણે શક્ય બન્યું છે. આ માટે સરકાર વિવિધ રાજ્યના, વિવિધ શહેરોની ભારત સરકારની વિવિધ યોજનાઓની સમીક્ષા કરે છે. નાણા વિભાગ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા અંત્યોદય એવા ફેરિયાની પી.એમ. સ્વનિધિ યોજનાની આજે સમીક્ષા થઈ રહી છે. ગરીબ માણસને સમૃદ્ધ બનાવવા માટેની આ યોજના પ્રધાનમંત્રીની સૌથી પ્રિય યોજના છે. આ યોજનાનો લાભ મેળવનારાઓને ''વન રાશન વન નેશન'', ''પી.એમ. માતૃ વંદના'', ''પી.એમ. જનની સુરક્ષા'' યોજનાનો સહિતની યોજનાનો લાભ આપોઆપ મળે છે.મ્યુનિ. કમિશનર આનંદ પટેલ દ્વારા પી.પી.ટી.ના માધ્યમથી પી.એમ. સ્વનિધિની વિગતોથી મંત્રીને અવગત કરાયા હતા. આ યોજનાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૩૬,૩૧૬ ફેરિયાઓની અરજીઓ આવી હતી. જેમાં બેન્કોએ મંજુર કરેલી અરજીઓ, ના મંજુર કરેલી અરજી તથા તેના કારણો, સહાય માટે ફેરિયાની મિટિંગ તથા માસ મેગા કેમ્પ, બેંકવાઈઝ લોનની વિગતો વગેરે થી મંત્રી કરાડ વાકેફ થયા હતા આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષનિ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, કલેકટર પ્રભવ જોશી, ના. મ્યુ.કમિશ્નર ચેતન નંદાણી, સહાયક કમિશનર વી.એસ.પ્રજાપતિ, શિશુ કલ્યાણ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, ચીફ ઓફિસર્સ સહિતના અધિકારીઓ, મહાનુભાવો, એસ.બી.આઈ.ના ઉપમહાપ્રબંધક આશુતોષ શર્મા, એસ.બી.આઈ.ના રીજીયોનલ મેનેજર નીરજ જોશી અને એસ. એમ. ઐયર, એલ.ડી.એમ. નરેન્દ્રસિંહ સોલંકી, વિવિધ બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક (વહીવટ) જયેશભાઈ પુરોહિતને વયનિવૃત્તિ નિમિત્તે વિદાયમાન અપાયું

સર્વે અધિકારીઓ અને કર્મચારીઓએ ૩૯ વર્ષના સફળ કાર્યકાળને બિરદાવીને નિવૃત્તિમય જીવનની શુભેચ્છા પાઠવી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૦

રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયાના અધ્યક્ષસ્થાને સહાયક માહિતી નિયામક (વહીવટ) જયેશભાઈ પુરોહિતનો વયનિવૃત્તિ વિદાયમાન સમારોહ આજે યોજાયો હતો. જેમાં જયેશભાઈ પુરોહિતે માહિતી વિભાગમાં ૩૯ વર્ષની કારકિર્દી દરમિયાન રાજકોટ, જૂનાગઢ, મોરબી, પોરબંદર અને ગાંધીનગર કચેરીમાં બજાવેલી વહીવટી કામગીરીના અનુભવો વર્ણવ્યાં હતા.

આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામકએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે શ્રી જયેશભાઈ પુરોહિતે શાંત પ્રકૃતિ સાથે વહીવટી કામગીરી કરી એ તેમની ઉપલબ્ધિ છે. તેમજ અન્ય જિલ્લા કચેરીઓ સાથે સંકલન સાધીને સરળતાથી નિષ્ઠાપૂર્વક નિભાવી છે. તેમનું નિવૃત્તિમય જીવન સુખમય અને તંદુરસ્ત રહે, તેવી શુભકામના પાઠવું છું.

આ સમારોહમાં સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયાએ નિવૃત્ત થઈ રહેલા સહાયક માહિતી નિયામક (વહીવટ) જયેશભાઈ પુરોહિતને પુષ્પગુચ્છ, શાલ અને શ્રીફળ આપીને અભિવાદન કર્યું હતું. તેમજ સ્મૃતિ ભેટો અર્પણ કરીને ભાવસભર વિદાય આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓપરેટર કેતનભાઈ દવે એ કર્યું હતું. આ તકે પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના અધિકારીઓ, કર્મચારીઓ તથા પરિજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્રભરમાં ૧,૨૫,૦૦૦ દિપ પ્રગટાવી મા ઉમિયાના ૧૨૫ માં પ્રાગટયદિન ને વધાવ્યો

ઉમિયાના ધામમાં દિવડાનો ઝગમગાટ: માતાજીની ભવ્ય મહાઆરતી

૨૭ ગ્રુપ વચ્ચે રાસ ગરબા સ્પર્ધામાં ૧૨ વર્ષની બાળાથી લઈ ને ૭૦ વર્ષ સુધીની મહિલા સ્પર્ધકો

રાસ ગરબા સ્પર્ધાની રમઝટ વિજેતાઓની સાથે તમામ ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહીત ઈનામો

મહિલા ઉત્પાદનોનું વેચાણ કમ પ્રદર્શનના ૧૨૫ સ્ટોલમાં મુલાકાતીઓની જામતી ભીડ

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં રવિવારે સામાજીક સંમેલન: કાર રેલીનો કાફલો સિદસર પહોંચશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૦

વેણુ નદીના કાંઠે મા ઉમિયાના સાનીધ્યમાં સિદસરના આંગણે આયોજીત ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસે ભાદરવી પુનમે આદ્યશક્તિ મા ઉમિયાના ૧૨૫ માં પ્રગટયદિને મા ના ચરણોમાં શિશ ઝુકાવી માતાજીની પૂજન આરતી માટે કડવા પાટીદાર ભાઈઓ બહેનો વિશાળ સંખ્યમાં ઉમિયાધામ સિદસર પહોંચ્યા હતા. સૌરાષ્ટભરમાંથી પદયાત્રીકોના સંઘ સિદસર પહોંચી ૧૧ કુંડી મહાયજ્ઞનો લ્હાવો લીધો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સિદસરમાં ભાવીકોનો પ્રવાહ ઉમટી પડયો હતો.

એક દિવડો હું પણ પ્રગટાવું... ૧,૨૫,૦૦૦ હજાર દિપ પ્રગટાવીને માતાજીની ભવ્ય આરતી ગઈકાલે ભાદરવી સુદ પૂનમે સૌરાષ્ટ-ગુજરાત ના તમામ કડવા પાટીદાર પરિવારોએ ઘેર-ઘેર સાંજે ૭:૧૫ કલાકે એક સાથે એક સમયે મા ઉમિયાની દિપ પ્રગટાવી મા ની સંધ્યા આરતી કરી હતી. જગત જનની કુળદેવી મા ઉમિયાના ૧૨૫ મા પ્રાગટયદિનને સવા લાખ (૧,૨૫,૦૦૦) દિપ પ્રગટાવી અનેરા ઉત્સાહ સાથે વધાવ્યો હતો. કડવા પાટીદાર પરિવારોએ ખીર તેમજ લાપસી પ્રસાદ રૂપે રાંધી ગ્રહણ કરી હતી. કડવા પાટીદારોની ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર મા ઉમિયાનાના આગણે પાવનભૂમી ઉમિયાધામ સિદસર દિવડાઓથી ઝળહળીત થઈ ઉઠયુ હતુ. સવા લાખ દિપ પ્રગટાવી શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયા, રમેશભાઈ રાણીપા, કૌશીકભાઈ રાબડીયા, રમણીકભાઈ ભાલોડીયા, ભૂપતભાઈ ભાયાણી, તથા મહાનુભાવો ની ઉપસ્થિતીમાં માતાજીની ભવ્યાતીભવ્ય સંધ્યા આરતી કરવામાં આવી હતી. માતાજીના જયઘોષ સાથે સમગ્ર મંદિર પટ્ટાંગણ માં અનેરૂ ભક્તિસભર વાતાવરણ નિર્માણ પામ્યુ હતુ.

સૌરાષ્ટ્રભરના વિવિધ ગરબા મંડળો શૈક્ષણિક સંકુલની બાળાઓ વચ્ચે જામતી ગરબા સ્પર્ધા ત્રિદિવસીય બિલ્વપત્ર મહોત્સવમાં આજ રોજ તા. ૩૦ ને શનિવારના રોજ સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ કલાકે સૌરાષ્ટ્રના વિવિધ તાલુકાઓ શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારના ગરબા મંડળો વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિ દ્વારા સૌરાષ્ટ્ર ઝોન માંથી ૧૪ અને ગુજરાત ઝોન માંથી ૪ ગરબા ગ્રુપ મળી કુલ ૧૮ રાસ ગરબા પ્રદર્શન વચ્ચે સ્પર્ધા યોજાય. તેમજ સૌરાષ્ટ્રભરના પાટીદાર શૈક્ષણિક સંકુલોની બાળાઓ વચ્ચે ગરબા સ્પર્ધા યોજાય હતી. જેમાં ૮ ગ્રુપ વચ્ચે ગરબા સ્પર્ધા રાખવામાં આવી હતી. વિજેતા ગ્રુપને ઈનામ આપી સન્માનીત કરવામાં આવી તેમજ ભાગ લેનાર તમામ ગ્રુપને તથા તમામ બહેનોને બાળ ઉછેર તથા પરેન્ટીંગની બુક ઉમિયાધામ સિદસર દ્વારા ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. બાળાઓ દ્વારા વિવિધ રાસ ગરબા પ્રદર્શનોએ દર્શકોનું મનોરંજન કર્યુ હતુ. બહોળી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ તાલીઓના ગડગડાતથી ગરબા સ્પર્ધકોને વધાવ્યા હતા.

બિલ્વપત્ર મહોત્સવમાં યોજાનાર રાસગરબા સ્પર્ધાનું ઉમા ભવન કન્યા છાત્રાલય-ટંકારાની બાળાઓ દ્વારા ગણેશ સ્તુતી કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આમંત્રીત મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ. ઉમિયા મહિલા સંગઠન સમિતિ સિદસર ના મહામંત્રી કાજલબેન સીતાપરા એ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ઉપસ્થિત મહાનુભાવો, રાસ ગરબા સ્પર્ધકો, દર્શકો, તથા મહિલા સંગઠન સમિતિના બહેનોએ સામુહિક રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

મહિલા ઉત્પાદકો દ્વારા આયોજીત પ્રદર્શન સ્ટોલમાં જામતી ભીડ ઉમિયા પરિવાર મહિલા સંગઠન દ્વારા મહિલાઓને રોજગારી ની તક મળે તે ઉદેશ્ય સાથે વિવિધ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સૌરાષ્ટ્રભરની મહિલા ઉત્પાદકો અને મહિલા વેપારીઓ વિવિધ ઉત્પાદનો, વસ્તુઓ જેવી કે કિચન વેર, લેડીઝ વેર, ચિલ્ડ્રન વેર, પર્સ, ગૃહ સુશોભનની વસ્તુઓ, આર્યુવેદીક દવાઓ, હોમ ડેકોર, ગોબર પ્રોડકટ, ઓર્ગેનીક દવાઓ, મધ, મુખવાસ, રમકડા, વુડન આઈટમ, કોસ્મેટીક, જેવી અનેકવિધ વસ્તુઓ ભાવિકો માટે પ્રદર્શન કમ વેચાણ માટે ખુલી મુકવામાં આવી છે.

આત્રિદિવસીય મહોત્સવમાં મા ઉમિયાના ૧૨૫ માં પ્રાગટયોત્સવને ધ્યાને રાખી વિવિધ પ્રોડકટના ૧૨૫ સ્ટોલમાં મહિલાઓ દ્વારા નિર્મિત અને મહિલાઓ દ્વારા સંચાલીત આ પ્રદર્શન માં વસ્તુઓની ખરીદી કરવા લોકોની ભીડ જામી રહી છે.

આવતી કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં ભવ્ય સમાજીક સંમેલન : કાર રેલીનો કાફલો સિદસર પહોંચશે. સિદસર ખાતે તા.૧ ઓકટોને રવિવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કેબીનેટ મંત્રી પરસોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતીમાં ભવ્ય સામાજીક સંમેલન યોજાશે. આ સામાજીક સંમેલનમાં ભાગ લેવા માટે ગુજરાતભર માંથી ૧૨૫ કાર રેલી ઉમિયાધામ સિદસર આવશે. ૫૧ કારની એક રેલી એવી ૧૨૫ કાર રેલી માં હજારો ભાવિકો મા ઉમિયાના દર્શન માટે આવશે.તેમ જણાવ્યું છે.

પી.પી. સોજીત્રાનાં જન્મદિને પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના

અમરેલીના ગરીબ વિદ્યાર્થીઓ માટે રૂા.૧ કરોડ જાહેર કર્યા

રૂા.૧ કરોડ બેન્કમાં જમા કરાવીને દર મહિને રૂા.૧ લાખ ગરીબ વિદ્યાર્થીને અભ્યાસ અર્થે અપાશે

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા. ૩૦: સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાનાં ૬૨ માં જન્મદિને તેમની રકતતુલા અને અભિવાદનનો ઐતિહાસિક કાર્યક્રમ હનુમાનપરા, પટેલવાડી ખાતે યોજાયો હતો. આ અભિવાદન સમારોહ માનવ મંદિરના પૂ. ભકિતરામબાપુ, ડો. ભરત કાનાબારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં શહેરની ૧૨૨ જેટલી વિવિધ સેવાકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા પી.પી. સોજીત્રાનું શાલ, પુષ્પાહાર, બુકે, શિલ્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તદુપરાત ૩૦૦ બોટલ રકત દ્વારા તેઓની રકતતુલા કરીને તે રકત દર્દીનારાયણનાં હિતમાં ઈન્ડિયન રેડકોસ સોસાયટીને અર્પણ કરવામાં આવેલ હતું. આ અભિવાદન સમારોહથી પ્રેરાઈને સ્વપન દ્રષ્ટા પી.પી. સોજીત્રાએ ઐતિહાસિક જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, શહેરનાં ગરીબ પરિવારોનાં બાળકોનાં અભ્યાસ અર્થે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે. તેમાં રૂપિયા એક કરોડ પોતાના તરફથી ફાળવીને તે રકમ બેન્કમાં ફિકસમાં મુકીને દર વર્ષે ૧૨ લાખ રૂપિયાનું વ્યાજ મળશે. તેનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ અર્થે ફાળવવામાં આવશે. તેઓની ઉપરોકત જાહેરાતને ઉપસ્થિત હજારોની જનમેદનીએ તાલીઓનાં ગડગડાટથી વધાવી લીધો હતો.

સ્વચ્છતા હી સેવા અંતર્ગત રવિવારે સ્વચ્છતા માટે શ્રમદાન ઝુંબેશ યોજાશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુંબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, સેનિટેશન કમિટી ચેરમેન નીલેશભાઈ જલુ એક સંયુકત યાદીમાં જણાવે છે કે, ભારત સરકાર દ્વારા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સ્વચ્છતા હી સેવા (SHS)-૨૦૨૩અંતર્ગત આગામી ૨-જી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની પુર્વ દિવસ ૧-લી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે દેશભરમાં લોકોની આગેવાની હેઠળ સ્વચ્છતા માટે શ્રમદાન ઝુંબેશ યોજાશે.

જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ૧-લી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે દરેક વોર્ડમાં બે સ્થળ એટલેકે કુલ-૩૬ સ્થળોએ ૧(એક) કલાક શ્રમદાનનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્વચ્છતા માટે યોજાનાર શ્રમદાન ઝુંબેશમાં સાંસદસભ્યઓ, ધારાસભ્યઓ, મહાનગરપાલિકાનાં પદાધીકારીઓ, શહેર ભાજપનાં હોદેદારો જોડાનાર હોઈ, શહેરનાં તમામ નાગરિકો, સામાજીક-શૈક્ષણીક સંસ્થાઓ, એન.જી.ઓ તથા રેસીડન્સી વેલ્ફેર એસોસિએશનના સભ્યોને પણ સ્વચ્છતા માટે યોજાનાર શ્રમદાન ઝુંબેશમાં જોડાઈ ૧(એક) કલાક શ્રમદાન કરવા અપીલ અને અનુરોધ કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ૧-લી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે દરેક વોર્ડમાં બે સ્થળ એટલેકે કુલ-૩૬ સ્થળોએ ૧(એક) કલાક શ્રમદાનનું આયોજન કરેલ છે.

સાહિત્ય સેતુ દ્વારા કોટેચા સ્કુલમાં રવિવારે પુસ્તક પરબ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા છેલ્લા બે વર્ષથી પ્રવર્તમાન ડીજીટલ યુગમાં વાંચવાનું પ્રમાણ સાવ ઘટી ગયું છે નાના-મોટા સૌ કોઈ વાંચનથી વિમુખ થઇ ગયા છે ત્યારે રાજકોટ નગરમાં વાંચન પ્રવૃત્તિને વેગ મળે, શહેરીજનો અને ખાસ કરીને યુવા વર્ગ વાંચતા થાય તેવા શુભાશયથી વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત સાહિત્ય સેતુ દ્વારા દર મહિનાના પ્રથમ રવિવારે સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે જે અંતર્ગત પુસ્તક પરબનો ૨૪મો મણકો તારીખ ૧/૧૦ ના રવિવાર ના રોજ સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી કાલાવડ રોડ પર નુતનનગર હોલ પાસે આવેલ શ્રી કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે.

પુસ્તક પરબમાં વાંચકો માટે ઐતિહાસિક, પ્રવાસ, વિજ્ઞાન, નવલકથા સહિતના પુસ્તકો ખુલ્લા મુકવામાં આવે છે પુસ્તકપ્રેમીઓ પોતાને મનગમતા પુસ્તકો કોઈપણ પ્રકારની ડિપોઝીટ, સભ્ય ફી કે લવાજમ વગરલઈ જઈ શકે છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

હાથસણી ગામે સુવિધા પથ સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરતા મંત્રી કુંવરજી બાવળીયા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

વિંછીયા તાલુકાના હાથસણી ગામે પાણી પુરવઠા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે સુવિધા પથ સી. સી. રોડનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ૬૭૫ મી. લંબાઈ અને ૫.૫૦ મીટર પહોળાઈનો ફુલઝર-હાથસણી અને સીમ શાળા -૨ સુધી અંદાજીત ૬૦ લાખના ખર્ચે સી. સી. રોડ નિર્માણ કરવામાં આવશે. વિસ્તારની સ્થિતિ મુજબ રોડ ગુણવત્તાયુકત બને તે માટે તેની જાડાઇ પણ વધુ રાખવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આંતરમાળખાકીય સુવિધા દેશના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પ્રાથમિક સુવિધાઓનું નિર્માણકાર્ય દેશના ગામે ગામ પુરજોશમાં ચાલી રહ્યું છે.

વિંછીયા તાલુકામાં તમામ માળખાકીય સુવિધા જેવી કે, શિક્ષણ, પાણી, રસ્તાની સુવિધા ઉભી કરીને રાજય સરકાર આ પંથકને વિકાસની મુખ્ય ધારા સાથે જોડી રહી છે ત્યારે આગામી સમયમાં પણ અનેક વિકાસકાર્યો થકી આ પંથકને આંતરમાળખાકીય સુવિધાઓ વધુને વધુ પ્રાપ્ત કરાવવામાં આવશે તેમ મંત્રીએ ખાતરી આપી હતી.

આ તકે વિંછીયા તાલુકાના અગ્રણી અશ્વિનભાઈ સાકરીયા, વલ્લભભાઈ, દેવરાજભાઈ, ખોડાભાઈ તથા બહોળી સંખ્યામાં હાથસણીના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાની નવી ટીમના પદાધીકારીઓની શુભેચ્છા બેઠક યોજાઈ

વોર્ડવાઈઝ અનુસુચિત મોરચાનું સંગઠન મજબુત બનાવાશેઃરતાભાઈ પરમાર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચાનું માળખુ તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યું હતું ત્યારે આ નવનિયુકત શહેર ભાજપ અનુસુચિતજાતી મોરચાની ટીમને આવકારવા અને અનુસુચિત જાતી મોરચા દ્વારા આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યક્રમો નકકી કરવાની એક બેઠક શહેર ભાજપ કમલમ ખાતે પ્રદેશ ભાજપ અનુસુચિત જાતી મોરચાના ઉપપ્રમુખ રાજુ અઘેરા તેમજ શહેર ભાજપ ઉપપ્રમુખ અને મોરચાના પ્રભારી મહેશ રાઠોડની ઉપસ્થિતીમાં એક બેઠક યોજાઈ હતી જેમાં મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર, મહામંત્રી અજય વાઘેલા, સંજય બગડા સહિતના સાથે ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે પ્રદેશ ભાજપ અનુસુચિત જાતી મોરચાના ઉપપ્રમુખ રાજુ અઘેરા તેમજ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, રતાભાઈ પરમાર, મહામંત્રી અજયભાઈ વાઘેલા તેમજ સંજયભાઈ બગડા, ઉપપ્રમુખ અનીલભાઈ શ્રીમાળી, ગીરધરભાઈ રાઠોડ, મનસુખભાઈ ચૌહાણ, ગીતાબેન પારઘી મંત્રી તરકિ ઉજીબેન પંડયા, દિનેશભાઈ ગોહેલ, રમેશભાઈ રાઠોડ, વિપુલભાઈ પરમાર, ચેતનભાઈ ચાવડા કોષાધ્યક્ષ બકુલભાઈ મકવાણા, કાર્યાલય મંત્રી જીજ્ઞેશ રત્નોતર, કોરપોરેટર હાર્દિક ગોહેલ, મહેશ અઘેરા, વજુ લુણશીયા, દિનેશ સોલંકી, શોભિત પરમાર, જયસુખ બારોટ, મુકેશ વાઘેલા, કપીલ વાઘેલા, ગૌતમ ચૌહાણ, ભરત વાઘેલા, રવિ વાઘેલા, દીલીપ મકવાણા, જીજ્ઞેશ ચૌહાણ, નરેશ ચૌહાણ, રાજેશ ચાવડા, દીલસુખ રાઠોડ, રામજી શ્રીમાળી અને મિહિર ચૌહાણના ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

રીટાયર્ડ ઈલેકટ્રીસીટી એમ્પલોઈઝ મ્યુઝીકલ એસોસીએશન દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

'સૌરાષ્ટ્ર કાંતી' ની મુલાકાતે આવેલા કિશોરસિંહ જેઠવા, એસ.એસ. શુકલ, જે.જે. શુકલ, બી.એન. પટેલ, રમેશભાઈ માડ઼ અને સાયનાબેન સંઘી તસવીરમાં નજરે પડે છે.

પાસ માટે કિશોરસિંહ જેઠવા (૯૯૨૫૨૪૮૨૫૧) સંપર્ક કરવો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રીટાયર્ડ ઈલેકટ્રીસીટી એમ્પ્લોઈઝ મ્યુઝીકલ એસોસીએશન **REEMA** ગ્રુપ દ્વારા તા.૨-૧૦ ને સોમવાર સાંજે ૫:૩૦ થી ૯ ઈવનીંગ પોસ્ટ, સીનીયર સીટીઝન પાર્ક, જયુબેલી ગાર્ડન પાસે, રાજકોટ ખાતે સંગીત સંધ્યા પ્રોગ્રામ રાખેલ છે.

આ કાર્યક્રમ રાજકોટ ખાતે **GEB** ના રીટાયર્ડ એમ્પ્લોઈઝ દ્વારા પ્રથમવાર કરાઓકે મ્યુઝીકલ પ્રોગ્રામ કરવા જઈ રહ્યા છે. જેમાં મુખ્ય ગાયકોમાં કિશોરસિંહ જેઠવા **(Ex.** જુ.આ.) જે.બી. પારેખ **(Ex.** સી.ઈ.) એસ.એસ. શુકલ **(Ex.** ઈ.ઈ.) કે.ડી. વધાડીયા **(Ex.** એસ.ઈ.) જે.જે. શુકલ **(Ex.** ઈ.ઈ.) પ્રકાશ દવે **(Ex.** ડીવાયએસએ), બી.એન. પટેલ **(Ex.** એલઆઈ) રમેશ માડ઼ **(Ex.** એલઆઈ) તથા પ્રોફેશનલ સીંગર સાયના સંઘી અને વિજયા વાઘેલા હિન્દી ફિલ્મી ગીતો રજુ કરશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે **(REEMA)** સંગીત ગ્રુપના તમામ સદસ્યો જહેમત ઉઠાવી રહેલ છે પ્રવેશ પાસ ઈવનીંગ પોસ્ટના ગેઈટ પર ઉપલબ્ધ રહેશે. પાસ માટે સંપર્ક કિશોરસિંહ જેઠવા ૯૯૨૫૨ ૪૮૨૫૧ ઉપર કરશો.

આ કાર્યક્રમમાં નયનાબેન પેઢડીયા (મેયર) ગુણુભાઈ ડેલાવાળા સરગમ કલબ, મુકેશભાઈ દોશી પ્રમુખ શહેર ભાજપ, નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ) ડે.મેયર જયમીન ઠાકર સ્ટે. ચેરમેન પી.ટી.જાડેજા આંતરરાષ્ટ્રીય પ્રેસીડેન્ટ રાજપૂત સંઘ, જયેશભાઈ ઉપાધ્યાય પ્રમુખ બોલબાલા ચેરીટેબલ, વિરેન્દ્રસિંહ ઝાલા મહામંત્રી શહેર ભાજપ, રાજદિપસિંહ જાડેજા ઉપાધ્યક્ષ શહેર ભાજપ ચંદ્રકાંતભાઈ શેઠ, સુનીલભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહે છે. કાર્યક્રમનું સંચાલન કિશોરસિંહ જેઠવા દ્વારા કરવામાં આવનાર છે. તેમ જણાવ્યું છે.

PACKAGINGHUB

प्रोडकट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

પવિત્ર શ્રાદ્ધ પર્વ નિમિતે એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અપીલ

૧૧ એમ્બ્યુલન્સ, ત્રણ બાઈક એમ્બયુલન્સ તેમજ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૯ લાખ જેટલા જીવોની વિનામૂલ્યે સ્થળ ઉપર જ સારવાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઇનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે, આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે, આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલુ કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા. સંસ્થાની ૧૯ વર્ષની સેવા યાત્રાની સફળતામાં સંસ્થાના કર્મયોગી ડોકટર્સ તેમજ અન્ય ૭૦ જેટલા કર્મયોગી કર્મચારીઓની રાત-દિનની જહેમત પણ રંગ લાવી છે. છેલ્લા ૧૯ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું મોબાઇલ પશુ ચિકિત્સાલય, એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૯ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, અગિયાર એમ્બ્યુલન્સ તેમજ ત્રણ બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે.

ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા - ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેના દંત ચિકિત્સા કેમ્પ, ચર્મ ચિકિત્સા કેમ્પ, નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯ વર્ષમા ૨૦,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને પાંજરાપોળ પણ ચલાવવામાં આવે છે. જુની શ્રીજી ગૌશાળા(ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ,વાવડી,રાજકોટ) ખાતે સંસ્થાની વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટરમાં અંદાજે ૧૨૦૦ જેટલા બીમાર, અશકત, ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, સારવાર સતત, દરરોજ મળે છે. આ હોસ્પિટલમાં ઓપીડી રૂમ, ઓપરેશન થીયેટર, સ્ટાફ ક્વાટર્સ બર્ડ હાઉસ, નાની ગૌશાળા, ચબુતરો, અવેડો સહિતની અનેક સુવીધાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં ઓપરેશન સહિતની તમામ સુવીધાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. જુની શ્રી ગૌશાળા (ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, વાવડી, રાજકોટ) ખાતે તેમજ શેણી મેમોરિયલ ટ્રસ્ટ, ન્યુ શ્રેયસ સ્કૂલ સામે, શેઠનગરની બાજુમાં, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડની પાછળ, નાગેશ્વર તીર્થ સામે, માધાપર ચોકડી પછી, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, જામનગર રોડ, રાજકોટ, તીરૂપતીનગર-૧, કેન્સર હોસ્પીટલ સામે, હનુમાન મઢી ચોક પાસે, રાજકોટ ખાતે સંસ્થાની નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટર (પાંજરાપોળ) ચલાવવામાં આવે છે.

શહેરમાં વિવિધ સ્થળોએ, પક્ષીઓને ઋતુ અનુસાર ૩૬૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૨૫ જેટલા વિસ્તારોમાં રોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૧૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. કાગડા-કાબર ને અનુકૂળ ફરસાણ પીરસાય છે. લોટની ૪૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. દરરોજ ૩૦ કિલો મકાઇનાં ડોડા ખિસકોલીઓને ખવડાવવામાં આવે છે.

વેરાવળ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, મહુવા, ચોટીલા, ભાવનગર, દ્વારકા, થાન, મોરબી, વેરાવળ સહીતના શહેરોમાં એનીમલ હેલ્પલાઈનનો શુભારંભ કરાવવામાં સંસ્થા નિમીત બની છે. સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં, વિશ્વમાં હેલ્પલાઇન ચાલુ થાય તેવો સંસ્થાનું ધ્યેય છે.

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી (૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (૯૯૯૮૦ ૩૦૩૯૩) પર ફોન કરવાથી આપને ત્યાંથી અનુદાન સ્વીકારવાની વ્યવસ્થા કરાશે. વાર્ષીક ચાર કરોડના માતબર ખર્ચે સેવારત આ સંસ્થાને સહકાર આપવા અપીલ કરાઇ છે. સંસ્થાની વેબસાઇટ **(www.animalhelpline.in)** ની મુલાકાત લેવા વિનંતી કરાઇ છે. વેબસાઈટ પર ઓનલાઈન ડોનેશન સ્વીકારવાની પણ વ્યવસ્થા કરાઈ છે. સંસ્થા દ્વારા નાની સાઇઝની આકર્ષક દાન પેટી તૈયાર કરાઇ છે જે ધંધાના સ્થળે/ઘરે મુકી યથાશકિત અનુદાન આ પેટીમાં નંખાવી શકાય છે. અનુદાન પેટી મેળવવા તેમજ દર મહિને ફીકસ, સ્વૈચ્છીક અનુદાન આપવાની યોજનામાં ભાગ લેવા મિતલ ખેતાણી (૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (૯૯૯૮૦ ૩૦૩૯૩)નો સંપર્ક કરવો. સંસ્થાને મળતું દાન આવક વેરા મુકિત પ્રમાણપત્ર ૮૦-જી કલમ હેઠળ ધરાવે છે. સંસ્થા વિદેશથી મળતું દાન સ્વીકારવાનું લાયસન્સ **FCRA** હેઠળ ધરાવે છે. સંસ્થાની બેંક ડીટેઇલ્સ બેંક ઓફ બરોડા (રાજકોટ મેઇન, રાજકોટ) **A/c No.03600100026705** તથા **RTGS/NEFT IFSC CODE BARB0 RAJKOT.** ચેક/ડ્રાફ્ટ શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના નામનો બનાવવો.

હિંદુ ધર્મમાં પિતૃપક્ષ દરમિયાન પૂર્વજોની વિશેષ પૂજા કરવામાં આવે છે અને તેમના મોક્ષની કામના કરવામાં આવે છે. પવિત્ર શ્રાદ્ધનાં દિવસોમાં દાનનું અનેરૂ મહત્વ હોય છે, અનુદાન આપી અબોલ જીવોના પ્રાણદાનમાં ઉપયોગી થવા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી, પ્રતિકભાઇ સંઘાણી, ઘનશ્યામભાઇ ઠક્કર, ધિરેન્દ્રભાઇ કાનાબાર, રમેશભાઇ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

જસદણના નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મેહુલભાઈ સંઘવીને સૌરાષ્ટ્ર કક્ષાનો એવોર્ડ એનાયત

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૩૦

જસદણ શહેરની બિન રાજકીય સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ સંઘવીને સૌરાષ્ટ્ર કક્ષાના એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા જસદણ શહેર તેમજ પંથકમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ઈન્ટરનેશનલ જૈન પેગામ ફાઉન્ડેશન અને ધર્મયાત્રા મહાસંઘના સંયુક્ત ઉપક્રમે સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડ ૨૦૨૩ નું રંગારંગ આયોજન હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું જેમા વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર અને પ્રશંસનીય કામગીરી કરી હોય એવા અલગ અલગ કેટેગરીમાં ૧૦૦થી પણ વધુ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ઈન્ટરનેશનલ જૈન પેગામ ફાઉન્ડેશનના રાષ્ટ્રીય પ્રમુખ પ્રશાંતભાઈ શાહ અને ધર્મયાત્રા મહાસંઘના પ્રદેશ પ્રમુખ પ્રિયવદનભાઈ ભટ્ટ તેમજ વિવિધ ક્ષેત્રના ગુજરાતભરના નામાંકિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં કોરાના કાળથી જસદણ સરકારી હોસ્પિટલમાં અવિરત સેવાકાર્યો કરતી સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ સંઘવીને સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડ ૨૦૨૩ માં બેસ્ટ ઓફ સોશિયલ વર્કના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા એવોર્ડ સમારોહમાં ટ્રસ્ટના ટ્રસ્ટી અશોકભાઈ ઠકરાળ અને ભાવેશભાઈ વાલજીભાઈ છાયાણી ઉપસ્થિત રહ્યા હતા. નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ સંઘવીને સ્ટાર ઓફ સૌરાષ્ટ્રનો એવોર્ડ મળતા જસદણ શહેર તેમજ પંથકમાં ગૌરવ સાથે આનંદની લાગણી ફેલાઈ છે.

રામાણી જનરલ સર્જીકલ હોસ્પિટલના ડો. દીપક રામાણી, જસદણ સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશકુમાર સિન્હા, મેડીકલ ઓફિસર ડો. રાકેશ મૈત્રી, અગ્રણી ઉદ્યોગપતિ વિઠ્ઠલભાઈ સિધ્ધપરા, મહાવીરસિંહજી વાળા દિનેશભાઈ વેકરીયા, ભરતભાઈ જેબલીયા, ઈમરાનભાઈ ખીમાણી બાલાભાઈ છાયાણી, હરેશભાઈ રાણીંગભાઈ ધાધલ, માર્કેટીંગ યાર્ડના ડિરેક્ટર ભરતભાઈ છાયાણી, પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ, જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અવસરભાઈ નાકીયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ, લાલાભાઈ ઠુંમર, વલ્લભભાઈ જીંજુવાડીયા, રશ્મિનભાઈ શેઠ, ચંદ્રેશભાઈ જયસ્વાલ, ખુશાલભાઈ રામાણી, ડો. સંજયભાઈ સખીયા, પ્રકાશભાઈ પ્રજાપતી, પ્રદિપભાઈ સોની સહિતના અગ્રણીઓએ મેહુલભાઈ સંઘવીને અભિનંદન પાઠવ્યા હતા.

સાંસદ રામભાઈ મોકરીયાના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લેતા કેન્દ્રીય નાણામંત્રી (રાજયકક્ષા) ડો.ભાગવત કરાડ

રાજકોટઃ સાંસદ સભ્ય રામભાઈ મોકરીયાના નિવાસસ્થાને કેન્દ્રીય નાણામંત્રી (રાજયકક્ષા) ડો.ભાગવત કરાડએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. કેન્દ્રીય નાણામંત્રી (રાજયકક્ષા) ડો.ભાગવત કરાડ, સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા તથા મહનગરપાલિકાના સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર તસવીરમાં નજરે પડે છે.

સોમવારે મોટી સ્કૂલમાં ૩૦ મો રકતદાન કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦: રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી ગાંધી જયંતી નિમિતે મોટી સ્કૂલની ત્રણ અલગ-અલગ સ્કૂલમાં કે જેઓ છેલ્લા દસ વર્ષથી નિયમીત રકતદાન કેમ્પનું આયોજન કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશના સહયોગથી ૩૦ માં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨-૧૦ સોમવાર સમય ૮:૩૦ થી ૧૨:૩૦ સ્થળ વી.જે. મોટી સ્કૂલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાસે, મોટી સ્કૂલ, અંબીકા ટાઉનશીપ, મવડી પોલીસ હેડ કવાટર્સ પાસે, જીવરાજ પાર્ક, પી.વી. મોટી સ્કૂલ, ઈન્દ્રપ્રસ્થનગર રાજકોટ.

આ કેમ્પમાં મોટી સ્કૂલના ડો.રશ્મિકાંત મોટી, નિધિબેન મોટી, ધવલભાઈ મોટી, મોટી સ્કૂલ પરિવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન રાજકોટના વિનય જસાણી, ડો. પ્રતીક અમલાણી સિવિલ બ્લડ બેંકના ડોકટર્સની ટીમ માનદ્ સેવા આપશે. તેમ જણાવ્યું છે.

સ્વ.હરસુખલાલ દેસાઈના સ્મરણાર્થે તથા તપસ્વી સ્કૂલ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી સ્વ.હરસુખલાલ જે.દેસાઈના સ્મરણાર્થે તપસ્વી સ્કૂલ દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન રાજકોટના સહયોગથી તા.૨-૧૦ સોમવાર સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી ૨-જલારામ પ્લોટ, શિવ સંગમ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં તપસ્વી સ્કૂલ પરિવાર, દેસાઈ પરિવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન રાજકોટ સિવિલ બ્લડ બેંકના ડોકટર્સની ટીમ માનદ્ સેવા આપશે. તેમ જણાવ્યું છે.

સોમવારે મહાત્મા ગાંધીજીની જયંતિ નિમિતે શહેર ભાજપ દ્વારા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦: શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવાયેલ છે કે તા.૨ જી ઓકટોબરને, સોમવારના રોજ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી અંતર્ગત સવારે ૯:૩૦ કલાકે શહેરના જયુબેલી બાગ ખાતે આવેલ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરાશે. ત્યારબાદ શહેર ભાજપ દ્વારા સોમવારે સવારે ૧૦ કલાકે શહેરના ત્રિકોણ બાગ પાસે આવેલ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર ખાતે સામૂહિક ખાદી ખરીદીનો કાર્યક્રમ યોજાશે. તો ગાંધીજયંતીને અનુલક્ષીને આ તમામ કાર્યક્રમોમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, શહેર ભાજપ મહામંત્રી

અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કરેલ છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

રાજકોટ જીલ્લા ભાજપના પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તરીકે રાજેશ ગોંડલીયા તથા સહ-ઈન્ચાર્જ તરીકે પ્રકાશ સોલંકીની નિમણુક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી તેમજ સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી વિનોદભાઈ ચાવડા, જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડીયાએ ચર્ચા વિમર્શ કરી રાજકોટ જીલ્લા ભાજપના પ્રેસ-મીડિયા વિભાગના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની વરણી કરવામાં આવી છે. જેમાં રાજકોટ જીલ્લા ભાજપના પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તરીકે રાજેશભાઈ ગોંડલીયા (૯૯૭૮૯૧૫૮૨) તેમજ સહ-ઈન્ચાર્જ તરીકે પ્રકાશભાઈ સોલંકી (૯૦૩૩૩૮૧૯૦૯)ની નિમણુક કરવામાં આવી છે.

ઉપરોકત વરણીને પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, કેબીનેટ મંત્રીઓ કુંવરજીભાઈ બાવળિયા, ભાનુબેન બાબરીયા, સાંસદઓ મોહનભાઈ કુંડારિયા તથા રમેશભાઈ ધડુક, ધારાસભ્યઓ જયેશભાઈ રાદડિયા, ગીતાબા જયરાજસિંહ જાડેજા, મહેન્દ્રભાઈ પાડલીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી સહીત જીલ્લા હોદેદાર અને કાર્યકર્તાઓએ ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા

રાજકોટ શહેરમાં રસ્તા પર નડતરરૂપ ૫૧ રેકડી-કેબીન જપ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૨૧/૯ થી ૨૯/૯ સુધીની રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જમી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જમ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

રસ્તા પર નડતર રૂપ ૫૧ રેકડી/કેબીન તે મવડી મેઈન રોડ, રૈયા ચોકડી, રાણી પાર્ક નંદનવન, પુષ્કરધામ, જામનગર રોડ, છોટુનગર, આહીર ચોક, જયુબેલી વન-વે, નિલકંઠ ચોક, ગોંડલ ચોકડી, હુડકો ચોકડી, કોઠારીયા સોલવન્ટ, માર્કેટીંગ યાર્ડ પાસેથી જમ કરવામાં આવી હતી. જુદી જુદી અન્ય ૧૧૦ પરચુરણ ચીજવસ્તુઓ તે ચંદ્રેશનગર, એસ.કે.ચોક, મહાદેવ મંદિર પાસે, નિર્મલા રોડ, ધોળકીયા સ્કુલ પાસે બાલાજી હોલ, મવડી અંદરબ્રિજ નિચે શુક્રવારી બજાર, વિધ્યાનગર મેઈન રોડ, ગરૂડ ગરબી ચોક, રામનાથપરા, આનંદ બંગલા ચોક, હરીધવા માર્ગ, ૫૦ ફુટ રિંગ રોડ, સોરઠીયાવાડી સર્કલ, પેડક રોડ પરથી જમ કરવામાં આવેલ. ૫૮૫ કિલો શાકભાજી/ફળ તે નાના મૌવા રોડ મેઈન રોડ, ગાંધીગ્રામ મેઈન રોડ, રવીરત્ન પાર્ક, મવડી મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, લાલાલજપતરાય ટાઉનશિપ, કણકોટ શનિવારી, યુનિ.રોડ, આનંદબગલા ચોક, જામનગર રોડ, પંચનાથ મહાદેવની આસપાસથી જમ કરવામાં આવેલ, રૂ. ૪૦,૧૭૦ મંડપ કમાન છાજલી ભાડુ તે કોટેચા ચોક, પુષ્કરધામ, યુનિ.રોડ પાસેથી વસુલ કરવામાં આવેલ છે. રૂ.૧,૦૦,૫૦૦ વહિવટી ચાર્જ તે ચંદ્રેશનગર, રૈયાધાર મેઈન રોડ, મવડી મેઈન રોડ, કનૈયા ચોક, નાના મૌવા રોડ, બાપાસિતારામ ચોક, કન્યા છાત્રાલય, જીવરાજ પાર્ક, ફુલછાબ ચોક, લાખાજીરાજ રોડ, સોરઠીયાવાડી, કોઠારીયા રોડ પરથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૪૦૬ બોર્ડ-બેનર તે જલારામ ચોક, રૈયા ધાર મેઈન રોડ, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રિંગ, ગાંધીગ્રામ મેઈન રોડ, કોટેચા ચોક, પવનપુત્ર ચોકથી કેનાલ રોડ, ભક્તિનગર સર્કલથી ૮૦ ફુટ રીંગ રોડ, આહીર ચોક પરથી જમ કરેલા છે.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૯/૯ ના રોજ રવિ હેવન, અવધ રોડ, કાલાવડ રોડ, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, તથા આ મોકડ્રીલમાં ૮ થી ૧૦ રહેવાસીઓ જોડાયેલ.

જે મોકડ્રીલમાં બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

સિંચાઈ, 'સૌની' યોજના, પાણી પુરવઠાના કામો વહેલાસર પૂર્ણ કરવા મંત્રી કુંવરજીભાઈની સૂચના

રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજતા પાણી પુરવઠા મંત્રી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાજકોટમાં બહુમાળી ભવન જીત સિંચાઇ વિભાગની કચેરી ખાતે સિંચાઈ, સૌની યોજના તેમજ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રગતિ હેઠળના કામોને વેગવાન બનાવવા તથા બાકી કામો વહેલાસર પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી.

રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના સિંચાઈ (પંચાયત) અને સિંચાઈ (રાજ્ય)ના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં, મંત્રી કુંવરજીભાઈએ ચેકડેમ તથા તળાવના રિપેરિંગના કામો, સૌની યોજના સાથે જોડવાના તળાવો, સિંચાઈ વિભાગની મિલકતોની જાળવણી, તથા હાલ ચાલી રહેલા કામોની ગુણવત્તાની સમીક્ષા કરી આ કામોમાં ગતિ લાવવા સૂચના આપી હતી. અને વિવિધ વિસ્તારમાં સિંચાઈ ખાતાને લગતા પ્રશ્નોની વિગતો મેળવી તેના ઉકેલ માટે માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીએ વિવિધ વિસ્તારોમાં આવેલા ચેકડેમ કે મોટા ડેમ સહિતના સિંચાઈ વિભાગના માળખાને નુકસાન કરતી વિવિધ પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામ લેવા સૂચના આપી હતી.

સૌની યોજનાના અધિકારીઓ સાથેની બેઠકમાં મંત્રીએ લિન્ક-૪ના પેકેજ-૫ની સ્થિતિ જાણી હતી તેમજ સૌની યોજના અંતર્ગત હાલ થતાં પાણી વિતરણની વિગતો મેળવી હતી. અને પ્રગતિ હેઠળના કામો વેગવાન બનાવવા અને આગામી સમયમાં હાથ ધરાનાર કામોને વહેલાસર શરૂ કરવા પણ અધિકારીને જણાવ્યું હતું.

જ્યારે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં મંત્રી કુંવરજીભાઈએ મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગરના વિવિધ તાલુકામાં પાઈપલાઈન નાંખવાની કામગીરીનો પ્રગતિ અહેવાલ જાણ્યો હતો. તથા આગામી દિવસોમાં નવા વિસ્તારોમાં નવી પાઈપલાઈન બિછાવીને નર્મદાના પાણી પહોંચાડવા અંગે આયોજન વિચારવામાં આવ્યું હતું.

આ બેઠકમાં રાજકોટ સિંચાઈ યોજના વર્તુળના સિંચાઈ (પંચાયત) અને સિંચાઈ (સ્ટેટ) વિભાગના રાજકોટના કાર્યપાલક ઈજનેર સર્વ ભાવિન ભીમજીયાણી, વિવેક ગોહિલ, મોરબીના ગુલાબ પટેલ, પ્રમોદગીરી ગોસાઈ, સુરેન્દ્રનગરના કે.બી. પટેલિયા, વિરલ ગઢ્ઢર જ્યારે રાજકોટ સિંચાઈ વર્તુળના સૌની યોજનાના અધિક્ષક ઈજનેર કે.એચ. મહેતા, કાર્યપાલક ઇજનેર એન.વી. ચાઉં, નાયબ કાર્યપાલક ઇજનેરઓ તેમજ પાણી પુરવઠા વિભાગના ચીફ એન્જિનિયર રાજ મહેરિયા (સિવિલ), સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર કોમલ અડાલજા (સિવિલ), કુણબી (યાંત્રિક) ઉપરાંત રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, લીંબડીના કાર્યપાલક ઈજનેરઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેશના વીરો અને વિરાંગનાઓ માટે અમૃત વાટિકાના નિર્માણ માટે મેરી માટી મેરા દેશ અંતર્ગત

વોર્ડ નં.૧, ૨, ૪, ૧૨ અને ૧૪ માં અમૃત કળશ યાત્રા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા તમામ વીર અને વિરાંગનાઓને શ્રધ્ધાંજલી આપવા માટેના કાર્યક્રમ મેરી માટી મેરા દેશ અંતર્ગત વોર્ડ વાઇઝ અમૃત કળશ યાત્રાનું મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવેલ છે.

આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક સાથે અમૃત વાટિકાએ સમગ્ર સ્મારક અને આપણી સ્વતંત્રતા અને પ્રગતિને વાસ્તવિકતા બનાવનાર આપણા વીરોની બહાદુરી અને બલિદાનની ભાવનાની કાયમી વારસો અને કાયમી સ્મૃતિ બની રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૯ ના રોજ સવારના ૯ કલાકથી બપોરના ૧ કલાક સુધી વોર્ડ નં.૧, ૨, ૪, ૧૨ અને ૧૪ માં અમૃત કળશ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત વોર્ડ નં.૧,૨, ૪, ૧૨ અને ૧૪માં નિયત કરેલ રૂટ પર અમૃત કળશ યાત્રા યોજાઇ હતી જેમાં સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, રાજકોટ મહાનગરપાલિકાનાં પદાધિકારીઓ, શહેર ભાજપનાં હોદેદારો, સામાજીક તથા શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ, વિવિધ સોસાયટીનાં પ્રતિનિધિઓ, શાળા/કોલેજનાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તેમજ શહેરના નાગરીકો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

અમૃત કળશ યાત્રાનું નાગરીકો / સંસ્થાઓ / સોસાયટી દ્વારા સ્વાગત કરવામાં આવેલ તેમજ અમૃત વાટિકાના નિર્માણ માટે પ્રતિક સ્વરૂપે દરેક ઘરમાંથી મુઠ્ઠીભર માટી અથવા ચપટી ચોખાના દાણાનું યોગદાન આપવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અલગ-અલગ વોર્ડમાં વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

૧૭ વર્ષ બાદ રાજકોટમાં તા.૧ થી ૭ ઓકટોબર આધ્યાત્મીક ગીતા જ્ઞાનનું આયોજન

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા નારણભાઈ કુલતરીયા, કનકભાઈ આટકોટીયા, હિમાંશુભાઈ લીંબાસીયા અને રાજુભાઈ જુંજા તસવીરમાં નજરે પડે છે.

પરમ પૂજ્ય સ્વામી તદ્રુપાનંદ સરસ્વતી હેમુ ગઢવી હોલ ખાતે સાંજે ૫ થી ૭ જ્ઞાનવાણી પીરસશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

માનવજીવનના જન્મ-મૃત્યુના સંસાર ચક્રમાંથી મુક્તિરૂપ જ્ઞાન, જે ભારતવર્ષના વેદોના ઉપસંહાર રૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્વમુખે અર્જુનને ઉપદેશેલ છે તેવા આધ્યાત્મિક ગીતા-જ્ઞાન યજ્ઞનુ આયોજન રાજકોટના આંગણે હેમુ ગઢવી હોલ ખાતે તા.૧-૧૦-૨૦૨૩ થી તા.૭-૧૦-૨૦૨૩ દરમ્યાન સમય સાંજે ૫:૩૦ કલાકથી ૭ કલાક સુધી રાજકોટ મનન અભ્યાસ મંડળ, રાજકોટ જેવી કઠિન તપસ્યા દ્વારા સાધન-ચતુષ્ટય, સંપન્નતા અને પરમ અધિકારત્વ પ્રદાન કરી પરમ પૂજ્ય ગુરુદેવ દયાનંદ સરસ્વતીના આશીર્વાદ સાથે સંન્યાસ અંગીકાર કરી પરમ પૂજ્ય સ્વામી તદ્રુપાનંદ સરસ્વતીના નામાભિધાનથી શાસ્ત્રગત પરંપરા મુજબ જ્ઞાન પરબ બની દેશમાં મુમુક્ષુઓની જ્ઞાન તૃષા તૃપ્ત કરતા કરતા સ્વદેશ ઉપરાંત વિશ્વના લગભગ ૨૮ દેશોના ૧૬૫ શહેરોમાં આધ્યાત્મિક પ્રવચન યાત્રા આરંભી પોતાના નિર્ગુણ અંતરાત્મામાં વહેતી અલૌકિક પારસમણિરૂપ વાણીની અભિવ્યક્તિથી અનેક શ્રોતાઓને જીવનભર અભિભૂત કર્યા છે.

આ આયોજનને સફળ બનાવવા નારણ ભાઈ કૂલતરિયા, કનક ભાઈ આટકોટીયા, હિતેશભાઈ લીંબાસીયા રાજુભાઈ જૂજા જહેમત ઉઠાવી રહ્યા છે.

મહુવાના વરિષ્ઠ પત્રકાર-લેખક પ્રોફેસર મનોજભાઈ જોશીની સિદ્ધિ

ભાવનગર, તા.૩૦

મહુવા કોલેજના નિવૃત્ત પ્રોફેસર ડોક્ટર મનોજ જોશી વર્ષોથી પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય છે. પોતે અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી છે. ઉપરાંત તેઓ ડીપ્લોમા ઈન યોગ એજ્યુકેશન અને ડિપ્લોમા ઇન નેચરોપથીની યોગ્યતા પણ ધરાવે છે. પત્રકારત્વ પ્રત્યેના લગાવને લીધે તેમણે જૂલાઇ-૨૦૨૩ માં સુરેન્દ્રનગર યુનિવર્સિટીમાંથી પીજી ડિપ્લોમા ઇન માસ કોમ્યુનિકેશનનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ સાથે જ એમણે એમની યશકલગીમાં પત્રકાર તરીકેની યુનિવર્સિટીની પદવી રૂપી પીંછું ઉમેરી દીધું છે.

ઉલ્લેખનીય છે કે મનોજભાઈ જોશીએ ઉંમરના સીત્તેર વર્ષના પડાવ પર આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વર્ષોથી તેઓ પોતાના વ્યક્તિગત રસને કારણે સ્વેચ્છાએ પૂજ્ય મોરારીબાપુની રામકથાનો લાઇવ કથાસાર લખે છે. આ રીતે જુદાજુદા દૈનિક અખબારો દ્વારા ભાવકો સુધી બાપુના વચનામૃતને શબ્દ દેહે પહોંચાડવાનું સાધુ કર્મ તેઓ કરી રહ્યા છે. આ પૂર્વે કૈલાસ ગુરૂકુળમાં યોજાતા કાર્યક્રમોના અહેવાલ લેખનનું કાર્ય પણ તેમણે વર્ષો સુધી કર્યું છે.

મુંબઈથી પ્રકટ થતાં મુંબઈ તરંગ (હિંદી) , વાપીથી પ્રસિદ્ધ થતાં મુંબઈ તરંગ (ગુજરાતી), વલસાડથી પ્રસિદ્ધ થતાં વલસાડ કેસરી, સાવરકુંડલાના પ્રસિદ્ધ અખબાર કેડીમાં તેઓ માનદ્ પત્રકાર તરીકે સેવારત છે. વિવિધ મેગેઝીનમાં તેમની વાર્તાઓ પણ પ્રકટ થઇ છે. ઓનલાઇન નવલકથા સ્પર્ધામાં પ્રતિલિપિના પ્લેટફોર્મ પર તેમની નવલકથા નાયક ખલનાયકને નિર્ણાયકોએ પ્રથમ પુરસ્કાર આપેલ છે. મહુવા અને ભાવનગર જીલ્લાના પત્રકાર મિત્રોએ મનોજભાઇ જોશીને તેમની આ ઉંમરે મેળવેલી સિદ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમ જણાવ્યું છે.

સાધુ સમાજ માટે અલખ ગ્રુપ દ્વારા 'વેલકમ નવરાત્રી'નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ગરબે ઘૂમવા વૈષ્ણવ સાધુ સમાજનું યુવાધન જેની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે, ત્યારે નવરાત્રીને હવે ગણતરીનાં દિવસો જ બાકી રહ્યાં છે, ત્યારે અલખ ગ્રુપ દ્વારા માં અંબાની આરાધના કરવા વેલકમ નવરાત્રીનું તારીખ ૧૩/૧૦ ને શુક્રવારનાં રોજ ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ, ધોળકિયા સ્કૂલની સામે, રાજકોટ ખાતે કરાયું છે. જેમાં ગુજરાતના પ્રખ્યાત સિંગરો સાથે લાઈવ ડીજે, બોલીવુડ મિક્સર, ફૂટ સ્ટોલ, સરપ્રાઈઝ ગીફ્ટ તેમજ સેલ્ફી ઝોન સહિતની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. આ વેલકમ નવરાત્રીમાં ખેલૈયાઓને મન મૂકી ધુમાવશે. તેમજ આ વેલકમ નવરાત્રીમાં પાર્ટનર તરીકે સૌરાષ્ટ્ર સત્ય મીડીયા તેમજ સ્પોન્સર બાય રાજુભાઈ ધુધરા વાળા (બારડોલી) સહયોગ મળેલ છે. આ વેલકમ નવરાત્રીના પાસ મેળવવા અલખ ગ્રુપના ઓર્ગેનાઇઝર લાલભાઈ દાણીધારીયા ૯૫૮૬૮૧૫૨૫૩, અરૂણભાઇ દેશાણી ૮૧૬૦૮૯૬૮૯૮, જેનતિદાસ ગોંડલીયા ૯૫૮૬૮૧૫૨૫૩, ચિરાગ ગોંડલીયા ૯૯૯૮૭૧૩૧૬૭, મિલન ગોંડલીયા ૭૬૯૦૫૦૩૫૩૬, ધર્મેશભાઈ દેશાણી ૯૭૧૪૨૦૩૦૧૧ તેમજ જય દેશાણી ૮૧૨૮૩૫૦૨૮૦ પર સંપર્ક કરી વહેલા તે પહેલાં ધોરણે પાસ મેળવી લેવા અનુરોધ કરાયો છે.

જસદણ તાલુકાના ગામડાઓમાં શ્રમદાનથી સફાઇ અભિયાન થશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૩૦

સાફ અને સ્વચ્છ ભારતના મહાત્મા ગાંધીના સ્વપનાને ચરિતાર્થ કરવા માટે, ભારતમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૩ અભિયાનની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી છે જે અંતર્ગત મહાત્મા ગાંધી જયંતીના આગળના દિવસે તારીખ ૧-૧૦ ના રોજ જસદણ તાલુકાના તમામ ગ્રામ પંચાયતોમાં શ્રમદાન દ્વારા સફાઇ અભિયાન હાથ ધરવામાં આવશે.

શ્રમદાનમાં જસદણ ગ્રામ્ય કક્ષાના પદાધિકારી, કર્મચારીઓ ભાગ લેશે અને સમગ્ર જસદણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સફાઈ હાથ ધરવામાં આવશે તથા ફરી કચરો ન થાય તે માટે લોકોને જાગૃત કરવામાં આવશે.

જસદણ તાલુકાનાં તમામ ગામોમાં પરસ્વચ્છતા હી સેવાથઅભિયાન તાલુકા વિકાસ અધિકારી એ.આર પટેલના માર્ગદર્શન અને દેખરેખ નીચે હાથ ધરવામાં આવશે તેમ જસદણ તાલુકા પંચાયતનાં વી.બી. માંડલિયાની યાદી જણાવે છે.

યુવા ઉદ્યોગપતિને ઈમ્પિરીયલ હાઈટ્સમાં મારી નાખવાની ધમકી

સમર્થના મિત્રને તેની કાર બહાર કાઢવી હોઈ વચ્ચે રખાયેલી સ્કોર્પિયો દૂર લેવાનું કહેવાતાં 'ગાડી તો અહિ જ રહેશે, હટશે નહિ'...કહી સાવને ડખ્ખો કર્યો

રાજકોટ,તા.૩૦

શહેરના ઈમ્પિરીયલ હાઇટ્સ બિલ્ડીંગના બેઝમેન્ટમાં નિલ સિટી ક્લબના સંચાલક એવા સમર્થભાઇ કિશોરભાઇ મહેતા (ઉ.વ.૩૭) પર બે શખ્સોએ હુમલો કરી છાતીના ભાગેથી ધક્કો મારી પગથી કમર સુધીના ભાગ પર પાટા મારી તેમજ ગાળો દઇ મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ મામલે માલવીયાનગર પોલીસે ગુનો નોંધ્યો છે. પાર્કિંગમાં સ્કોર્પિયો નડતરરૂપ પાર્ક કરવામાં આવી હોઇ તે સરખી રીતે રાખવાનું કહેવાતાં આ માથાકુટ થઇ હતી. ભાણેજ સાથે આ ડખ્ખો થયો હોઇ પુર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલભાઇ રાજ્યગુરૂએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવને જાણ કરી આ સમસ્યા કાયમીની હોઇ કાયમીધોરણે ઉકેલ આવે તેવી કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

આ બનાવમાં પોલીસે યુનિવર્સિટી રોડ નિલ બંગલોઝમાં રહેતાં અને સંજયરાજ એસ્ટેટ નામે કન્સ્ટ્રકશનનું મોટુ કામ ધરાવતાં યુવા ઉદ્યોગપતિ સમર્થભાઇ કિશોરભાઇ મહેતા (ઉ.વ.૩૭)ની ફરિયાદ પરથી સાવન મિયાત્રા અને સતુભા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. સમર્થભાઇએ એફઆઇઆરમાં જણાવ્યું છે કે હું ઇમ્પીરીયલ હાઇટ્સમાં બી વિંગ-૪માં કન્સ્ટ્રકશનની ઓફીસ ધરાવી ત્યાં કામકાજ કરુ છું. શુક્રવારે ૨૯મીએ સાંજે ચારેક વાગ્યે હું ઓફિસમાં હતો ત્યારે ત્યારે મારા મીત્ર સિધ્ધાર્થભાઇ વિઠ્ઠલાણીનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારા એલોટેડ પાર્કીંગમાં મેં ગાડી પાર્ક કરી છે, જ્યાં હાલ પાર્કીંગમાંથી બહાર નીકળવાના રોડ ઉપર એક કાળા કલરની સ્કોર્પીયો વચ્ચોવચ્ચ પાર્ક કરવામાં આવી છે. જેથી હું મારી ઓફીસમાંથી બેઝમેંટ પાર્કીંગમાં આવ્યો હતો જ્યાં મારા મિત્ર સિધ્ધાર્થભાઇ હાજર હતા. આ ઉપરાંત ત્યા સાવન મિયાત્રા (બજાજ ફાયનાન્સ વાળા) પણ હાજર હતાં.

મેં મારા પાર્કિંગમાં જોતાં સિધ્ધાર્થભાઇની ગાડી હતી. તેમની ગાડી પાર્કીંગમાંથી બહાર ન નીકળે તે રીતે કાળા કલરની જીજે૩૬એસી-૦૦૦૦૮ નંબરની સ્કોર્પીયો રસ્તા ઉપર પાર્ક કરાયેલી જોવા મળી હતી. આ સ્કોર્પિયો ત્યાં ઉભેલા સાવન મિયાત્રાની હોઇ તેને ગાડી હટાવી લેવાનું કહેતાં તેણે મને 'ગાડી અહીં જ રહેશે, ગાડી અહિથી હટશે નહિ' તેમ કહ્યું હતું. તેની ગાડી ગેરકાયદેસર રીતે અવરોધરૂપ રાખવામાં આવી હતી. ત્યાં કોઇ સતુભા નામનો માણસ આવ્યો હતો અને મને જેમ ફાવે તેમ ગાળો આપવા માંડયો હતો. તેમજ મેન છાતીના ભાગેથી ધક્કો મારી તેમજ કમથી નીચેના ભાગે પાટુ મારેલ. બાદ વધુ ગાળાગાળી કરવા માંડયો હતો. આ ઉપરાંત આ સતુભાએ મને જાન થી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

એટલીવારમાં ઓફિસમાં હાજર બીજા લોકો અને સ્ટાફ આવી જતાં સતુભાને મારાથી દૂર લઇ ગયેલ. અને એટલીવાર માં ત્યાં હાજર ઓફીસ ના લોકો તથા અન્ય સ્ટાફ આવી ગયેલ અને આ સતુભાને મારા થી દુર લ ઇ ગયેલ અને બાદ બીજી ઓફીસના લોકો આવી ગયા હતાં. આ બનાવ એ લોકોએ પણ નજરે જોયો હતો. બાદમાં કોઇએ પોલીસને જાણ કરતાં પોલીસ આવી ગઇ હતી. એટલીવારમાં સાવન અને સતુભા બંને પોલીસને જોઇને ભાગી ગયા હતાં. અમે આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ પોલીસ સમક્ષ રજૂ કર્યા હતાં. તેમ વધુમાં સમર્થભાઇએ જણાતાં માલવીયાનગર પીઆઇ એ. બી. જાડેજાની રાહબરીમાં એએસઆઇ કે. યુ. વાળાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાઈમ કોર્નર

મેઘમાયાનગરમાં હાથફેરો કરનાર શખસની ધરપકડ

શહેરના મેઘમાયાનગરમાં રહેતા રાજીજીતભાઈના બંધ મકાનમાંથી સવા લાખના દાગીનાની ચોરી થઇ જતા આ અંગે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પીએસઆઈ મોહન મહેશ્વરી સહિતે તપાસ કરી ફરિયાદીના પરિચિત અને મેટોડા જીઆઇડીસીમાં રહેતા રાકેશ રમેશભાઈ દાફડા ઉ.૨૬ને ઝડપી લઇ દાગીના કબજે કર્યા હતા.

ગણપતિના પંડાલમાંથી દાનપેટીની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

શહેરના રૈયા રોડ ઉપર આવેલ સદગુરુ તીર્થધામ કોમ્પ્લેક્ષમાં ગણપતિ મહોત્સવનું આયોજન કર્યા બાદ ૨૮ હજારની રોકડ ભરેલી દાનપેટી ચોરાઈ જતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેમાં એલસીબી ઝોન-૨ના પીએસઆઈ આર એચ ઝાલા અને ટીમે ચોરીને અંજામ આપનાર સુભાષનગરના પ્રદીપ ભરતભાઈ દેસાણી ઉ.૨૪ને દબોચી લઇ તેની પાસેથી ૨૨ હજાર રોકડા અને એકટીવા કબજે કર્યા હતા.

માનસિક બીમારીથી કંટાળી વૃધ્ધાનો ફાસો ખાઈ આપઘાત

રાજકોટના કુવાડવા રોડ પર રોહિદાસપરામાં રહેતા કડવીબેન પાલાભાઈ જાદવ (ઉ.વ.૯૦)એ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કડવીબેને આજે સવારે ૯ વાગ્યા આસપાસ પોતાના ઘરે ઓસરીમાં છતના હુંક સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ વખતે ઘરે અન્ય કોઈ હાજર નહોતું પણ તેમનો પૌત્ર ઘરના રૂમમાં સુતો હતો. તેણે બહાર આવી જોયું તો કડવીબેન જમીન પર પડ્યા હતા. અને દુપટ્ટો છત સાથે બાંધેલો જોવા મળ્યો હતો. જેથી તેણે પરિવારના સભ્યો અને ૧૦૮માં જાણ કરી હતી. ૧૦૮ના ઈએમટી સ્થળ પર જ કડવીબેનને મૃત જાહેર કર્યા હતાં. પોલીસને જાણ થતા મૃતદેહ પોસમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. કડવીબેનને શ્વાસની બિમારી હતી અને ઉંમરના કારણે માનસિક અસ્વસ્થ પણ રહેતાં હતાં. તેમની દવા પણ ચાલુ હતી જેનાથી કંટાળી પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

યુવકનો અગમ્ય કારણોસર ફાસો ખાઈ આપઘાત

શહેરના ૪૦ ફુટ રોડ ઉપર આવેલ ધરમનગરમાં રહેતા ઋષિ સુરેશભાઈ ભલસોડ ઉ.૨૩ નામના યુવાને આજે પોતાના ઘરે કોઈ કારણોસર ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

દોઢ લાખના ૧૦ ચોરાઉ મોબાઈલ સાથે શખ્સની ધરપકડ

શહેરમાં ભીડભાડવાળી જગ્યાઓમાં લોકોની નજર ચૂકવી મોબાઇલ સેરવી લેતા ગઠિયાઓ સક્રિય થયા હોય દરમિયાન ડીસીબીના પીઆઈ બી ટી ગોહિલ અને ટીમે બાતમી આધારે આવા મોબાઈલ ચોરીના ગુનાઓના અંજામ આપતા નરશીનગરના વિજય લઘુશંકરભાઈ ધામેલ ઉ.૩૬ને ઝડપી લઈ તેની પાસેથી ૧.૪૭ લાખના ૧૦ ચોરાઉ મોબાઇલ કબજે કર્યા હતા આ ગુનાઓમાં તેની સાથે બોટાદનો ઘનશ્યામ ઉર્ફે કાળું પણ સામેલ હોવાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

રતનપર પાસે અકસ્માતમાં ઘવાયેલા પરપ્રાંતિય શ્રમિક યુવાનનું મોત

રાજકોટ નજીક મોરબી રોડ પર રતનપર નજીક હડાળા ગામના પાટીયા પાસે અકસ્માતમાં ઘવાયેલ રમેશ કામતપ્રસાદ સીંગ (ઉ.૩૪)નું સારવારમાં મોત થયું છે. બનાવની વિગત મુજબ રમેશ મુળ ઉત્તરપ્રદેશનો વતની હતો. અને રતનપરમાં મંદિર પાસે રહેતો હતો. લાદી કામની મજુરી કરતો હતો. તા.૨૩/૯ના રોજ રમેશ રાજકોટ કામ અર્થે ગયો હતો. ત્યાંથી સવારે ૧૧ વાગ્યા આસપાસ પરત રતનપર આવી રહ્યો હતો. ત્યારે હડાળા ગામના પાટીયા પાસે એક ટ્રકે બાઇક સહિત રમેશને હડફેટે લેતા રમેશ ઘવાયો હતો.તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. આજે તા.૩૦/૯ના રોજ વહેલી સવારે ૫ વાગ્યા આસપાસ રમેશ સારવારમાં જ દમ તોડી દેતા તેના પરિવારમાં શોક છવાયો હતો. રમેશ પાંચ ભાઈ બે બહેનમાં મોટો હતો. કુવાડવા રોડ પોલીસે તેના મૃતદેહને પીએમ માટે ખસેડવા તજવીજ કરી હતી.

ચીલ ઝડપના અનેક ગુનામાં સંડોવાયેલા ગઠિયાને પાસા હેઠળ જેલ હવાલે કરાયો

શહેરમાં ચોરી અને મિલકત સબંધી ગુનાઓ પર લગામ લગાવવા માટે સરકારે પાસાનું હથિયાર ઉગામ્યું છે. જેમાં રાજકોટ અને જામનગર જિલ્લામાં ચીલ ઝડપના અનેક ગુનામાં સંડોવાયેલા આરોપીની દરખાસ્ત રજૂ કરી ક્રાઇમ બ્રાન્ચે ગઠિયાને પાસા હેઠળ સુરત જેલ હવાલે કર્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ, શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને જોઇન્ટ પોલીસ કમિશનર વિધિ ચૌધરી અને ડીસીબી ક્રાઇમ બ્રાન્ચ પાર્થરાજસિંહ ગોહિલની સૂચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ વાય.બી.જાડેજા સહિતના સ્ટાફે રાજકોટ અને જામનગરમાં ચીલ ઝડપના અનેક ગુનામાં સંડોવાયેલા ધ્રોલ તાલુકાના તૈયારા ગામના આસિફ વલી ખેરાણી સામે પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.જે દરખાસ્તને પોલીસ કમિશ્નરે મજૂર કરી રાજકોટ અને જામનગરમાં ૧૦થી વધુ ચીલ ઝડપના ગુનામાં સંડોવાયેલા આસિફ ખેરાણિને પાસા હેઠળ સુરત જેલ હવાલે કરવામાં આવ્યો છે.

વિંછીયાના પીપરડીમાં રૂપિયાની ઉઘરાણીમાં મામા પર બે ભાણેજનો લાકડીથી હુમલો

વિંછીયાના પીપરડીમાં ૧૦૦૦ રૂપિયાની ઉઘરાણીમાં મામા પર બે ભાણેજે લાકડીથી હુમલો કરી હાથ ભાંગી નાંખતા દલિત પ્રૌઢને સારવારમાં ખસેડવા પડ્યાહતાં. બનાવ અંગે વિંછીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.બનાવ અંગે વિંછીયાના પીપરડી ગામે રહેતાં ભલાભાઇ કરશનભાઇ ચાવડા (ઉ.વ.૪૫) ૨ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે દિનેશ વાલજી પરમાર અને સુરેશ વાલજી પરમાર (રહે.બન્ને પિપરડી, વિંછીયા)નું નામ આપી જણાવ્યું હતું કે, સેંટિંગ કામમાં મજુરી કરીને મારા પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા. ૨૮/૦૯ ના તેઓ ઘરે હતાં ત્યારે તેઓના કુટુંબી ભાણેજ દિનેશ પરમારનો ફોન આવેલ અને જણાવેલ કે, મામા તમે મારી પાસેથી બે દીવસ પહેલા ઉછીના ૧૦૦૦ રૂપીયા લીધેલા હતા તે મને આપો મારે જરૂ છે. જેથી તેમને કહેલ કે ભાણા અત્યારે મારી પાસે નથી હું બે દીવસ બાદ આ આપી દઇશ કહેતાં આરોપીએ કહેલ કે, મારે પૈસાની જરૂ હોય જેથી અત્યારે જ આપો કહીને ગાળો આપવા લાગેલ હતો.જેથી ફરિયાદીએ તેમને કહેલ કે, મને ગાળો આપો નહીં હુ તમને તમારા પૈસા બિજા પાસેથી લઇને આપુ છુ કહીને ફોન કાપી નાખેલ હતો. થોડીવારમાં દિનેશ તેઓના ઘરે આવતાં તેઓએ ૧૦૦૦ રૂપીયા લઇને તેમને આપી દેતાં તે જતો રહેલ હતો. બાદમાં દિનેશનો ભાઈ સુરેશ ઘસી આવેલ અને ફરિયાદી ખાટલા પર સુતા હતાં ત્યાં લાકડી ફટકારી કહેલ કે, મારા ભાઈના પૈસા લીધેલા તે કેમ આપતો નથી કહેતાં તેમને કહેલ કે, તારા ભાઇને રૂપીયા આપી તો દીધા છે કહેતા તે ગાળો આપવા લાગેલ અને લાકડીથી ફટકારવા લાગી ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં પડોશીઓ આવી જતાં આરોપી નાસી છૂટ્યો હતો. બાદમાં ફરિયાદીને ઈજા પહોંચતા સારવારમાં જસદણ ખસેડાતા હાથમાં ફેક્ચર આવ્યું હતું. બનાવ અંગેની ફરિયાદ પરથી વિંછીયા પોલીસે ગુનો નોંધી હુમલાખોર બંને ભાઇઓને દબોચવા તજવીજ હાથ ધરી હતી.

રાજકોટમાં હડકવા થવાથી ૧૫ વર્ષના વિદ્યાર્થીનું મોત

રાજકોટ,તા.૩૦

રાજકોટની ભાગોળે આણંદપર ગામે રહેતા પરિવારનો ૧૫ વર્ષનો પુત્ર ગોંડલમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો હતો. રજાઓમાં તે રાજકોટ આવ્યો હતો. આ દરમિયાન તેને ઘર પાસે જ શ્વાને બચકું ભર્યું હતું પણ ગંભીર ઈજા ન હોવાથી ધ્યાન ગયું નહિ. માતા-પિતા તેને ફરી હોસ્ટેલ મૂકી આવ્યા અને બે મહિના બાદ અચાનક જ વિદ્યાર્થીની તબિયત બગડી હતી અને અલગ અલગ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા.

હડકવાના લક્ષણો દેખાતા એક પણ ખાનગી હોસ્પિટલે સારવાર કરી નહિ જેથી વિદ્યાર્થીને સિવિલમાં ૧૪મીએ દાખલ કરાયો હતો અને ત્યાં પણ ઊલટી ઉબકા અને પાણી ગળે ઉતારવામાં સમસ્યા થતી હતી તેથી હડકવાની અસર જ દેખાતા તેને એન્ટિબાયોટિક અપાઇ હતી. પણ બે જ દિવસમાં સારવાર બાદ બાળકનું ૧૬મીએ મૃત્યુ નીપજ્યુ હતું.

રાજકોટ શહેરમાં એક જ દિવસમાં ૧૬ લોકોને રખડતા શ્વાને બચકાં ભરતા સિવિલ હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી.

નંદનવન સોસાયટીની યુવતીએ ફાંસો ખાઇ લીધો અભ્યાસ બાબતે પિતાના મહેણાનું માઠું લાગતાં યુવતીનો આપઘાત



રાજકોટ,તા.૩૦

શહેરના જામનગર રોડ પરની નંદનવન સોસાયટીમાં રહેતી યુવતીએ ફાંસો ખાઇ જીવનનો અંત આણી લીધો હતો, અભ્યાસ બાબતે પિતાએ મહેણું મારતા યુવતીએ પગલું ભરી લીધું હતું. નંદનવન સોસાયટીમાં રેહતી ફાલ્ગુની કિશોરભાઇ ઉધરેજા (ઉ.વ.૨૦)એ પોતાના ઘરે રૂમમાં ચાદર પંખા સાથે બાંધી ફાંસો ખાઇ લીધો હતો.લાંબો સમય વિતવા છતાં ફાલ્ગુની રૂમમાંથી બહાર નહી આવતાં માતા બોલાવવા ગયા ત્યારે દરવાજો અંદરથી બંધ હતો અને અનેક વખત ખટખટાવવા છતાં બારણું અંદરથી નહી ખુલતાં અંતે બારણું તોડ્યું હતું, બારણું તોડતાં જ ફાલ્ગુની લટકતી હાલતમાં જોવા મળી હતી, તેને નીચે ઉતારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ તેનું મૃત્યુ થયું હતું.

ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ખેર સહિતની ટીમ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ફાલ્ગુની એક ભાઇની એકની એક બહેન હતી અને ભાઇ કરતા મોટી હતી, ફાલ્ગુનીએ અભ્યાસ છોડી દીધો હતો, તેના ભાઇના અભ્યાસ માટે કોઇ શિક્ષક સાથે વાતચીત થઇ ત્યારે પિતાએ ફાલ્ગુનીએ તો અભ્યાસમાં કંઇ ખાસ કર્યું નહી પુત્ર સારી રીતે ભણે તો સારું તેવું મહેણું માર્યું હતું અને તે મહેણાનું માઠું લાગી આવતાં યુવતીએ અંતિમ પગલું ભરી લીધું હતું.

ખેતમજૂરી કરતી યુવતીએ ઝેરી દવા પી જીવન ટુકાવ્યું

રાજકોટ,તા.૩૦

રાજકોટના ભંગડામાં રહેતી અને ખેતમજૂરી કરતી યુવતીએ ઝેરી દવા પી જીવનનો અંત આણી લીધો હતો, બનેવી સાથે અગાઉ ભાગેલી અને બનેવી સાથેના સંબંધથી બે સંતાનની માતા બનેલી યુવતીએ કલેશથી કંટાળી પગલું ભર્યું હતું.

ભંગડા ગામે રહેતી મધ્યપ્રદેશની વતની રમીલા રાકેશ કુરી (ઉ.વ.૨૨)એ ઝેરી દવા પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ અહિ તેનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, ભંગડામાં ખીમાભાઇની વાડીએ માતા પિતા સાથે રહેતી રમીલા અગાઉ બનેવી રાકેશ સાથે ભાગી ગઇ હતી.ત્યારબાદ રાકેશ પત્ની કાજલ અને રમીલાને સાથે રાખતો હતો, આ સંબંધથી રમીલા બે સંતાનની માતા પણ બની હતી, ત્રણેક વર્ષથી બહેન કાજલ સાથે આ સંબંધને લઇને કલેશ થતો હોવાથી રમીલા માતા પિતા સાથે રહેવા જતી રહી હતી, આમ છતાં બહેન સાથેનો કલેશ ચાલુ રહેતા કંટાળીને પગલું ભરી લીધું હતું.

ટમેટાના ભાવમાં એક મહિનામાં કડાકો : ૨૦ કિલોના ભાવ ૧૦૦ થી ૨૨૦

સ્થાનિક આવકો વધી જતા ભાવમાં ધટાડો : માર્કેટ યાર્ડમાં ૧૧૫૦ ક્વિન્ટલની આવક

રાજકોટ,તા.૩૦

ટમેટાના ભાવ સારા વરસાદને પગલે શરૂ થયેલી સ્થાનિક આવકોને પગલે ઝડપથી ગગડી ગયા છે. રાજકોટમાં ટમેટાના ભાવ એક મહિના પહેલા ૭૦થી ૧૪૦ જેવા બોલાતા હતા જે આજે ઘટીને ૨૦થી ૩૦ થઈ ગયા છે અને હજુ પણ આવક વધતા તેમાં ઘટાડાની શકયતા છે.

રાજકોટ માર્કેટયાર્ડમાં એકાદ મહિના પહેલા ટમેટા પરપ્રાંતમાંથી આવતા હતા જેના કારણે પરિવહન ખર્ચ પણ માલઉપર ચડતા ભાવ ૪૦૦થી ૭૦૦ સુધીના હતા. છૂટકમાં ૭૦થી ૧૪૦ સુધીના કિલો લેખે ટમેટા ગૃહિણીઓને ખરીદવા પડતા હતા અગાઉ ટમેટા ૨૦૦ સુધી પણ પહોંચ્યા હતા. બાદમાં છેલ્લા એક માસથી સતત ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજકોટની શાક માર્કેટોમાં પણ વિસ્તાર પ્રમાણે ભાવ લેવાતા હોય છે. સામે કાંઠે ગોવિંદબાગ પાસેની બજારમાં ટમેટાના કિલોના ભાવ ૧૨થી ૨૦ સુધીના બોલાતા હતા તો શહેરની જયુબિલી બાગ ખાતેની માર્કેટમાં ભાવ ૨૦થી ૪૦ સુધીનો હતો.

રાજકોટ માર્કેટયાર્ડ ખાતે હાલ જસદણ, પડધરી, લોધીકા અને રાજકોટ તાલુકામાંથી ટમેટા આવી રહ્યા છે અને તેના કારણે પરિવહન ખર્ચ ઘટી ગયો છે. હાલ માર્કેટયાર્ડમાં ૧૦૦૦થી ૧૧૫૦ ક્વિન્ટલની આવક થાય છે અને ભાવ ૧૦૦થી ૨૨૦ સુધીના બોલાય છે. છૂટકમાં ઊંચા ભાવ રહેતા હશે પણ યાર્ડમાં હાલ ભાવ ડાઉન થઈ રહ્યા છે.

આપઘાતનો પ્રયાસ કરતી પરિણીતાનો જીવ બચાવી દંપતી વચ્ચે સમાધાન કરાવતી ૧૮૧ અભયમ ટીમ

રાજકોટ,તા.૩૦

ગોંડલ પંથકમાં આવેલ એક સિમેન્ટ ફેકટરીમાં મજૂરી કરતા અને ત્યાં જ ઓરડીમાં રહેતા એક શ્રમિક દંપતિ વચ્ચે ઝઘડો થતા પત્ની આપઘાત કરવાનું કહેતી હતી. જેથી આ સિમેન્ટ કંપનીના માલિકને જાણ થતાં તેમણે ૧૮૧માં કોલ કર્યો હતો. સિમેન્ટ ફેક્ટરીના માલિકે કોલ કરી જણાવેલ કે, અમારે ત્યાં મજૂર પતિ - પત્ની કામ કરવા મધ્યપ્રદેશથી ૩ મહિના પહેલા આવેલ. પતિ - પત્ની ઝઘડો કરતા હોવાથી પત્ની કેરોસીન છાંટીને આત્મહત્યા કરવાની કોશિશ કરી કરે છે અને મારે મરી જવું છે તેમ કહ્યા કરે છે.

આથી ગોંડલ ૧૮૧ મહિલા હેલ્પલાઇન અભયમ ટીમના કાઉન્સિલર મનિષા પરમાર અને કોન્સ્ટેબલ નયનાબેન સબાદિયા, પાયલોટ રોનકભાઈ સ્થળ પર પહોંચ્યા હતા. સૌ પ્રથમ પત્નીનું કાઉન્સિલિંગ કરતા તેણીએ જણાવેલ કે તેના લગ્ન ૪ વર્ષ પહેલાં થયા હતા. સંતાનમાં બે બાળકો છે. અને હાલ તે સગર્ભા છે. તેને પાંચ માસનો ગર્ભ છે. પત્નીએ કહ્યું કે તેનો પતિ દારૂનો નશો કરીને ઘરે આવે છે. પછી તેની સાથે મારપીટ કરે છે. અપશબ્દો કહે છે. ચારિત્ર્ય પર શંકા કરે છે. જેથી તેને આત્મહત્યા કરવી છે. આ પત્નીનું કાઉન્સિલિંગ કરી સાંત્વના આપી અને સંતાનો વિશે વિચારી આપઘાતના વિચાર ન કરવા સમજાવી હતી. ઉપરાંત પતિનું કાઉન્સિલિંગ કરી તેને મહિલા અત્યાચાર કરવા સામે કાનૂનમાં કઈ કઈ જોગવાઈ છે તે અંગે લીગલ જાણકારી આપતા પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને હવે પછી તેની પત્ની સાથે દુર્વ્યવહાર નહીં કરે તેની ખાતરી આપી હતી. દંપતિ વચ્ચે સુખદ સમાધાન થતા સિમેન્ટ ફેક્ટરીના માલિકે ૧૮૧ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર મેલ, જનતા સહિતના ટ્રેનના સમયમાં ફેરફાર

૧૦૨ ટ્રેન પથી લઇ ૧:૧૪ મિનિટ સુધી મોડી પહોંચશે : ૯૫ ટ્રેન રવિવારથી ૫ મિનિટથી ૧ કલાક ૩૯ મિનિટ વહેલા પહોંચશે

રાજકોટ,તા.૩૦

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧ ઓક્ટોબરથી નવું ટાઇમ ટેબલ લાગુ કરવામાં આવશે. ૪૭ ટ્રેનોની સ્પીડ વધારવામાં આવ છે અને ૧૧ ટ્રેનોની સ્પીડમાં ઘટાડો કર્યો છે જેના કારણે રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ૯૫ ટ્રેનનો સમય વહેલા કરવામાં આવ્યો છે અને ૧૦૨ ટ્રેન મોડી પહોંચશે.

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૪૭ ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી છે અને ઓપરેશનલ કારણોસર ૧૧ ટ્રેનોની સ્પીડમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ટ્રેનોની સ્પીડ વધવાના પરિણામે પેસેન્જર ટ્રેનોના ઓપરેટિંગ સમયમાં ઘટાડો થયો છે. મુસાફરોને આનો સંપૂર્ણ લાભ મળશે અને તેઓ તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચવામાં સમય બચાવશે.આ સમયગાળા દરમિયાન, રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ૯૫ ટ્રેનોનો વહેલા કરવામાં આવ્યો છે, જેમાં ટ્રેનો તેમના અગાઉના સમય કરતાં ૫ મિનિટથી લઈને ૧ કલાક ૩૯ મિનિટ સુધી વહેલા પહોંચશે. તેવી જ રીતે, ૧૦૨ ટ્રેનોના સમય મોડા કરવામાં આવ્યા છે જેમાં ટ્રેનો તેમના અગાઉના સમય કરતા ૫ મિનિટથી લઈને ૧ કલાક ૧૪ મિનિટ સુધી મોડી પહોંચશે. ઓખા, દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, ભક્તિનગર, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર અને રાજકોટ ડિવિઝનના અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે જેમાં આ ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય પહેલા કે પછી પહોંચશે.

રેલવે વિભાગે આપેલી માહિતી મુજબ, દિલ્હી સરાય રોહેલ્લા ૩૫ મિનિટ, પૂના-વેરાવળ એક્સપ્રેસ ૨૭ મિનિટ, સોમનાથ એક્સ. ૧:૧૩ મિનિટ, ક્વી ગુરૂ એક્સપ્રેસ ૧:૧૩ મિનિટ, ગોરખપુર-ઓખા ૩૦ મિનિટ, હાપા દુરંતો એક્સ. ૨૬ મિનિટ, હાપા-મુંબઈ ૨૦ મિનિટ ઝડપથી ચાલશે. રાજકોટ રેલવે સ્ટેશન પર ઉત્તરાંચલ એક્સ.૪૨ મીનીટ, દિલ્હી રોહિલ્લા ૨૫ મિનિટ, મુંબઈ-હાપા દુરંતો ૧ કલાક, પૂણે વેરાવળ ૧૮ મિનિટ, દ્વારકા એક્સપ્રેસ ૨૮ મિનિટ, ગોરખપુર-ઓખા ૨૨ મિનિટ, વિવેક એકસપ્રેસ ૧૮ મીનીટ વહેલી ઉપડશે. જ્યારે વેરાવળ ત્રીવેન્દ્રપુરમ સેન્ટ્રલ એકસ. ૩૬ મીનીટ, વેરાવળ-પુના ૫૦ મીનીટ, જામનગર બ્રાંદ્રા હમસફર એકસ. ૨૯ મીનીટ, ઓખા પુરી ૨૫ મીનીટ, હાપા બીલાસપુર ૨૫ મીનીટ મોડી આવશે.

રાજકોટ હાપા-બિલાસપુર અને ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા પશ્ચિમ રેલવેએ પરંપરાગત રેકની જગ્યાએ નવા એલએચબી રેકથી બદલવાનો નિર્ણય લેવાયો છે.સાંસદ પૂનમબેન માડમ ૩૦ સપ્ટેમ્બરે હાપા સ્ટેશન પર સાંજે ૬.૧૫ કલાકે આયોજિત એક કાર્યક્રમમાં હાપા બિલાસપુર (ટ્રેન નંબર ૨૨૯૩૯) એકસપ્રેસને ફ્લેગ ઓફ કરી લીલીઝંડી દેખાડશે. હાપાથી ૩૦ સપ્ટેમ્બરે, બિલાસપુરથી ૨ ઓક્ટોબરથી આ ટ્રેન દોડશે. ઓખા નાથદ્વારા એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૯૫૭૫) ૪ ઓક્ટોબરથી ઓખાથી અને ૫ ઓક્ટોબરથી નાથદ્વારાથી દોડશે. આ બંને ટ્રેનોમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૧ ફર્સ્ટ એસી, ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૮ સેકન્ડ સ્લીપર, ૩ જનરલ, ૧ લગેજવાન અને ૧ જનરેટર વેન કોચનો સમાવેશ થાય છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રધ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5% GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

સર્વેશ્વર ચોકમાં નવો સ્લેબ બનાવવાનો મનપાનો નિર્ણય

રોડ પરનો ભાગ જ્યાં નીચેથી વોકળો પસાર થાય છે એ જગ્યાએ ટૂંક સમયમાં કન્સલ્ટન્ટ પાસેથી ડીઝાઈન મેળવી જરૂરીયાત મુજબ નવો સ્લેબ બનાવવાશે

રાજકોટ, તા. ૩૦

શહેરના સર્વેશ્વર ચોકમાં ગત રવિવારે રાત્રે શિવમ કોમ્પ્લેક્ષ બહારના સ્લેબ ધસી પડવાની ઘટનામાં એક મહિલાના મૃત્યુ અને ૩ઝન લોકો ઘાયલ થયાના પડઘા છેક રાજય સરકાર સુધી પડયા છે. આ વોંકળા પરના પ્લોટના વેચાણ, બંને બિલ્ડીંગના પ્લોટની આપ-લે, વોંકળા પર સ્લેબ ભરવા સહિતના સાડા ત્રણ દાયકા દસ્તાવેજો મહાપાલિકાએ ફંફોળ્યા છે ત્યારે આ સ્લેબ બરોબાર બાંધીને વોંકળો પેક કરી દેવાયાની ચોંકાવનારી હકીકત બહાર આવી છે. આ અંગેનો ગંભીર રીપોર્ટ બેક દિવસમાં કમિશનરને સુપ્રત કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, સર્વેશ્વર ચોકમાં રોડ પરનો ભાગ જ્યાં નીચેથી વોકળો પસાર થાય છે એ જગ્યાએ ટૂંક સમયમાં કન્સલ્ટન્ટ પાસેથી ડીઝાઈન મેળવી જરૂરીયાત મુજબ નવો સ્લેબ બનાવવાનો નિર્ણય નાગરીકોની સલામતી ધ્યાનમાં લઈને કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે સર્વેશ્વર ચોકમાં શિવમ-૧ અને શિવમ-૨ નામના બે કોમ્પ્લેક્ષ ત્રણ

દાયકા પૂર્વે બનાવવામાં આવ્યા હતા. રાજકોટનો સૌથી મોટો વોંકળો તે સમયે આ જગ્યાએથી પસાર થતો હતો. જે તે સમયે રાજય સરકારની નીતિ હેઠળ આ વોંકળાની જમીનનું મનપા દ્વારા વેંચાણ કરવામાં આવ્યું હતું. રાજકોટનો આવો આ સૌપ્રથમ સોદો હતો અને તે બાદ ૩ઝનેક વોંકળા વેંચીને મહાપાલિકાએ આવક ઉભી કરી હતી. અમીન માર્ગના ખુણેથી નીકળતો આ વોંકળો છેક સદરના ખુણા સુધી જાય છે અને ત્યાં સુધીમાં અનેક બિલ્ડીંગ બનેલા છે.ગત રવિવારે આ ચોકમાં ગણપતિ ઉત્સવમાં મોટી ભીડ જામી હતી. આ સમયે શિવમ કોમ્પ્લેક્ષ બહાર જે જગ્યાને લોકો પાર્કિંગ, માજીર્ન કે ફૂટપાથ સમજતા હતા તે નાસતા બજાર બહારનો સ્લેબ એકાએક સીધો વોંકળામાં ઉતરી ગયો હતો. ૪૦ જેટલા લોકો વોંકળામાં પડયા હતા. જેમાં ૩ઝન લોકોને ઈજા થતા તે પૈકી એક વૃધ્ધ મહિલાનું મૃત્યુ થયું હતું.

કમિશ્નરે આનંદ પટેલે બીજા જ દિવસે અમદાવાદની એજન્સીને બોલાવીને તપાસ શરૂ કરાવી હતી. ઘટનાના કારણ, સ્લેબની ગુણવતા, બાંધકામની મંજૂરી અને કાયદેસરતા સહિતની બાબતે આ એજન્સી અને મનપાના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. આ પ્રાથમિક તપાસમાં વોંકળાના વેંચાણની કાયદેસરતા સ્વીકારવામાં આવે તો પણ આ સ્લેબનું બાંધકામ બારોબાર થઈ ગયાનું પ્રાથમિક તારણ નીકળ્યું છે. આથી આવું ગેરકાયદે અને જોખમી બાંધકામ કરનાર સામે કાનુની કાર્યવાહી મનપા કરે તેવી પૂરી શકયતા છે. મોટા ભાગના લોકોને આ સ્લેબ હેઠળ કોઈપણ પ્રકારના પાયા વગરનો વોંકળો હોવાનો ખ્યાલ આવ્યો ન હતો. બિલ્ડીંગના મોટા ભાગના આસામી પણ તે જાણતા ન હતા. બિલ્ડીંગમાં એસો. પણ નથી. ગમે તે કારણે રવિવારે આ સ્લેબ પડયા બાદ નીચેથી મોટો વોંકળો નીકળે છે તે દેખાયું હતું. મનપાની માલિકીના આ વોંકળા પર ગેરકાયદે સ્લેબ બાંધી દેવાયાનું લાગ્યું છે. કારણ કે આ અંગેના કોઇ મંજૂરી પત્રો કે પ્રમાણપત્રો રેકર્ડ પર નથી.

સર્વેશ્વર ચોકનો ૩૫ ટકા જેટલો ભાગ વોંકળા ઉપર છે. રસ્તો પણ સલામત કરવો પડે તેમ છે. આથી બિલ્ડીંગ સિવાયના ભાગની પણ સલામતી ચકાસીને આગળની કાર્યવાહી કરવાની નોબત છે તે ઉલ્લેખનીય છે.

રાજય સરકાર દ્વારા...

નવેમ્બર ટેકાના ભાવે રાગી, ડાંગર, જુવાર, બાજરી, મકાઈની ખરીદીનો પ્રારંભ

ખેડુતોએ પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવુ પડશેઃ ઓનલાઈન નોંધણી કરાવાશે

ગાંધીનગર,તા.૩૦

રાજય સરકાર દ્વારા નવેમ્બરથી ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની ખરીદી શરૂ થશે. રાજય સરકાર દ્વારા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ૧લી નવેમ્બરથી ૧૫મી જાન્યુઆરી દરમિયાન ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા કોમન ડાંગર માટે રૂા.૨૧૮૩ પ્રતિ કિવન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂા.૨૨૦૩ પ્રતિ કિવન્ટલ, મકાઈ માટે રૂા.૨૦૯૦ પ્રતિ કિવન્ટલ, બાજરી માટે રૂા.૨૫૦૦ પ્રતિ કિવન્ટલ, હાઈબ્રીડ જુવાર માટે રૂા.૩૧૮૦ પ્રતિ કિવન્ટલ, માલદંડી જુવાર માટે રૂા.૩૨૨૫ પ્રતિ કિવન્ટલ અને રાગી માટે રૂા.૩૮૪૬ પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવ નકકી કરવામાં આવ્યા છે. ખરીદી સમયે ખેડુતોએ પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડુતોએ, ૧લી ઓકટોબરથી ૩૧મી ઓકટોબર દરમિયાન ફરજિયાત ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. સમગ્ર રાજયમાં ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફત પણ ઓનલાઈન નોંધણી કરી શકાશે.

આ નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨, ૮-અની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીનો સહી સિકકા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત સહિતના સાધનિક પુરાવાઓની નકલ સાથે અરજી કરવાની રહેશે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા તા.૯મીએ યોજાશે

અઢી વર્ષ માટે સમિતિઓની રચનાનો ધમધમાટ, કોટડાસાંગાણીમાં ૯મીએ, લોધિકામાં ૧૦મીએ તાલુકા પંચાયતની સામાન્ય સભા

રાજકોટ, તા. ૩૦ :

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા તા. ૯ ઓકટોબરે યોજવાનું નક્કી થયું છે. આજે અથવા મંગળવારે એજન્ડા બહાર પડે તેવી સંભાવના છે. રવિવારે અને સોમવારે રજા છે. પંચાયતની સમીતીઓની રચના માટે ખાસ સામાન્ય સભા મળી રહી છે. પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુ ડાંગર અને કારોબારી અધ્યક્ષ જાહેર થયેલા

પી.જી.કયાડા સંગઠન સાથે ચર્ચા કરી સામાન્ય સભાની તારીખ નક્કી કરી છે. ગઈ તા.૧૩મીએ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ કાર્યભાર સંભાળેલ છે. કારોબારી સહીતની સમીતીઓની મુદત ૨૮ ઓકટોબરે પુરી થઈ રહી છે. નવેસરથી સમીતીઓની રચના માટે તા.૧૦ ઓકટોબર આસપાસ સામાન્ય સભા મળશે. ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોતરી રહેશે નહી. તે નવા શાસકોની પ્રથમ સામાન્ય સભા બની રહેશે. પાર્ટીએ સમીતીના અધ્યક્ષ તરીકે નો રીપીટ થીયરીનો આદેશ આપ્યો છે. તેનો અમલ થાય તો આવતા અઢી વર્ષ જિલ્લા પંચાયતમાં શાસનમાં નવા ચહેરા આવશે. ઉપરાંત જુદી-જુદી તાલુકા પંચાયતોમાં સમિતિઓની રચના માટે સામાન્ય સભા મળનાર છે. જેમાં કોટડાસાંગાણીમાં ૯મીએ, લોધીકામાં ૧૦મીએ, રાજકોટમાં તા. ૪ના તાલુકા પંચાયતની સામાન્ય સભા મળશે.

કામ કરો અથવા નિવૃત થઈ જાવ : રાજય સરકાર કર્મચારી વર્ગ માટે આકરા પાણીએ

જે કર્મચારી કામચોર હોય, બિન કાર્યક્ષમ હોય કે જેમની પ્રમાણિકતા સામે પ્રશ્નાર્થ હોય તેઓનું આવી બનશે

અમદાવાદ, તા.૩૦:

ગુજરાત સરકાર કામચોર, બિન કાર્યક્ષમ અને જેમની પ્રમાણિકતા સામે પ્રશ્નાર્થ ઉભો થયો હોય એવા કર્મચારીઓને 'ઘરાર' ઘરે બેસાડી દેવા માંગે છે. સરકારે નવા નિયમો ઘડયા છે જે અંતર્ગત ૫૦ કે ૫૫ વર્ષની વય વચ્ચેના આવા કર્મચારી ઓને 'પ્રીમેચ્યોર રિટાયરમેન્ટ' (સમય પહેલા નિવૃતિ) આપી દેશો. વર્ગ ૧,૨ અને ૩ના કર્મચારીઓને આ નિયમ લાગુ પડશે. સરકારે ઘડેલા નિયમો અનુસાર જે કર્મચારી શારીરિક કે માનસિક રીતે ફરજ બજાવવા માટે સક્ષમ ન હોય એવા કર્મચારીઓને પણ સરકાર નિવૃત કરી શકશે. સરકારના જીઆર અનુસાર પ્રીમેચ્યોર રીટાયરમેન્ટ અંગેના તમામ નિર્ણયો એક કમીટી લેશે. જેમને વ્હેલી નિવૃતિનો આદેશ મળ્યો હોય તો તે કર્મચારી ઓર્ડર મળ્યાના ૩ સમાહમાં કમીટી

સમક્ષ અપીલ કરી શકશે. જે કર્મચારી ઓ ૫૦ કે ૫૫ વર્ષની વય વચ્ચે આવતા હોય તેમને આ લાગુ પડશે અને તેમની કામગીરીની સમીક્ષા સીનીયરો દ્વારા તપાસાયેલી હોવી જોઈએ.

અમદાવાદના ખાનગી મિડીયાના એક અહેવાલ અનુસાર નિયમોમાં કેટલીક સ્પષ્ટ શરતો પણ છે જે મૂજબ કોઇ કર્મચારી ૧ વર્ષમાં નિવૃત થતો હોય તો તેને પ્રીમેચ્યોર એંકઝીટમાંથી મુકિત મળશે. સિવાય કે તેની કામગીરી તળિયે પહોચેલી હોવી ન જાઈએ. જો કોઇ કર્મચારી સંતોષકારક કામગીરી બદલ છેલ્લા ૫ વર્ષમાં બઢતી પામ્યો હોય તો તેને આ નિયમ લાગુ નહિ પડે. રીવ્યુ પ્રક્રિયામાં કર્મચારીના સમગ્ર સર્વિસ રેકોર્ડની તપાસણી થશે. શારિરીક કે માનસિક ફીટનેસ સંદર્ભે સતાવાળા ઓ મેડીકલ રીપોર્ટ માંગી શકશે. નિવૃતિ માટે ૩ માસનો નોટિસ પીરીયડ પણ રહેશે. જા વ્હેલી નિવૃતિ આપવાનો પ્રશ્ન હોય તો આ લાગુ નહિ પડે.

સાસણ ગીર અભ્યારણ્ય ૧૬મી ખુલશે : ઓનલાઈન બુકીંગ શરૂ

ચોમાસુ ઋતુનું વેકેશન હવે પૂર્ણતાનાં આરે : સિંહ દર્શન માટે પ્રવાસીઓને ૧૫ દિવસની જ રાહ જોવી પડશે

જૂનાગઢ, તા. ૩૦

સાસણ ગીર અભ્યારણ્યમાં ૧૫ જુનથી ચાર માસ માટે ચોમાસાની ઋતુને ધ્યાને લઈને બંધ રાખવામાં આવે છે હવે ચોમાસુ પુર્ણતાના આરે છે. ફરી ગીર અભ્યારણ્ય ૧૬ ઓકટોબરથી ધમધમ્યું થઈ જશે અને સહેલાણીઓ પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે સાસણ ગીર જંગલની સફારી માટે ઓનલાઈન બુકીંગ શરૂ જવા પામ્યું છે.

દર વર્ષે ચોમાસાની સિઝનમાં સાસણ જંગલ સફારી પ્રવાસીઓ માટે ૧૫ જુનથી બંધ કરી દેવામાં આવે છે જે ચાર માસ બાદ ૧૬ ઓકટોબરથી ફરી ધમધમતુ કરી દેવામાં આવે છે જેને શરૂ થવામાં માત્ર ૧૫ દિવસ બાકી રહેવા પામ્યા છે.

જેમાં જંગલના રોડ રસ્તાઓ કાચા ભારે વરસાદમાં તુટી જવા પામ્યા હોય તેને રીપેરીંગ કરી ફરી પૂર્વરત કરવામાં આવી રહ્યા છે. કાદવ કીચડ, રસ્તાઓનું ધોવાણ, નદી નાળા ભરપુર પાણીથી ચોમાસામાં

વહેતા હોય જેના કારણે દર વર્ષે પ્રવોશબંધી કરવામાં આવતી હોય છે.

તેમાં સિંહોના તેમજ જંગલી પ્રાણીઓના મેટીંગ પીરીયડ હોય જેમાં તેમને ખલેલ ન પહોંચે જેથી પ્રવેશબંધી વન વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. જે આગામી ઓકટોબરથી ફરી ધમધમતું થવાની વન વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. સાસણ જંગલ સફારી માટે ઓનલાઈન જ પરમીટ મળતી હોવાથી આજથી જ ઓનલાઈન બુકીંગ પરમીટની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

અકિલા પરિવારનાં
રાજુભાઈ ગણાત્રાનું
દુઃખદ અવસાન : પ્રાર્થનાસભા

જલારામ જ્યોતના તંત્રીશ્રી સુરેશભાઈ ગણાત્રા, અકિલા પરિવારનાં મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા, અકિલાના તંત્રીશ્રી અજીતભાઈ ગણાત્રાનાં લઘુબંધુ તથા અકિલાના વેબ એડીશનના તંત્રીશ્રી નિમીષભાઈ કે. ગણાત્રાનાં નાના કાકા તથા અ.સૌ.મિનલબેન સુરેશભાઈ ગણાત્રા, સ્વ. શિતલબેન કિરીટભાઈ ગણાત્રા તથા સ્વ.વીણાબેન અજીતભાઈ ગણાત્રાના દિયર તથા મીનાબેન હરીશભાઈ ચગ, ભારતીબેન લલિતભાઈ સવજીયાણી, ભાવનાબેન દિપકભાઈ નાગ્રેચા તથા રિમતાબેન સુનીલભાઈ રાચચુરાના લઘુબંધુ તથા અ.સૌ. કિરણબેન નિમીષભાઈ ગણાત્રાનાં, ધન્વી એન. ગણાત્રા અને માહી એન. ગણાત્રાના નાના કાકા **રાજુભાઈ (રાજેશભાઈ) ગુણવંતરાય ગણાત્રા** (૭૫.૬.૫૫)નું તા.૨૭-૦૯-૨૦૨૩ને બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. જલારામ બાપા તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતની પ્રાર્થનાસભા તા.૩૦-૦૯-૨૦૨૩ને શનિવારનાં રોજ સાંજે ૫ થી ૬ વાગ્યે રાષ્ટ્રીયશાળા હોલ, રાજકોટ ખાતે રાખેલ છે.

સવારે ચા સાંજે અકિલા

HOTEL HILL STONE
MO: 99090 86954
74359 63438

Couple Friendly
Budget Price
100% SAFE & SECURE
Rmc Chowk,3 rajputpara, rajkot-360001

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક
જલદી તમે પણ જોડાઈ જાવ ડિજિટલ ક્રાંતિ સાથે
FOLLOW US
YouTube ----------> @saurashtrakrantidaily
@Saurashtra kranti
LIVE BREAKING NEWS વોટ્સએપમાં અમારી સાથે જોડાઓ... 'Hi' લખીને મોકલો #95125 28005

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.